ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૭ || અંકઃ ૧૧ || નવેમ્બર ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૯

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

CHARUTAR VIDYA MANDAL

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ॥ પુષ્પાંજલિ ॥





ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તેમજ ભુતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે, વલ્લભ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે આવેલ તેઓની પ્રતિમાઓ ઉપર તા. ૦૨/૧૦/૨૦૨૫ને ગુરૂવારના રોજ સવારના ૯:૦૦ કલાકે સુતરની આંટી તથા પુષ્પાજંલિ અર્પણ કરવાના કાર્યક્રમનું ચારુતર વિદ્યામંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રમુખશ્રી એન્જિ. ભીખુભાઈ બી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રો. નિરંજન પટેલ તથા રજિસ્ટ્રારશ્રી ડૉ. ભાઈલાલભાઈ પી. પટેલ, ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) ઈન્દ્રજિત એન. પટેલ તથા ચારુતર વિદ્યામંડળ અને ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટી પદાધિકારીશ્રીઓ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત શાળાઓ / કૉલેજો / સંસ્થાઓ તથા ધી ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) યુનિવર્સિટી કૉલેજોના આચાર્યશ્રીઓ / વડાશ્રીઓ, કર્મચારીગણ-વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને મહાત્મા ગાંધી તેમજ લાલ બહાદુર શાસ્ત્રીને પુષ્પાજંલિ અર્પણ કરી હતી.




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

નવેમ્બર-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૧૧
સળંગ અંક : ૬૪૯

**ISSN 0976-9609-V Vidyanagar**



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫

| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** |
|---|---|
| શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ | શ્રી મનીષભાઈ એસ.પટેલ |
| **અધ્યક્ષ** | **માનદ્ મંત્રી** |
| શ્રી ભીખુભાઈ બી. પટેલ | ડૉ.એસ.જી.પટેલ |

**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયૉટૅક્નૉલૉજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

કીધાં મેં વકરમ કામ, સતી રાણી (૨)<br>
બેડલી મારી નહિ તરે, તોરલ દે રે એમ જેસલ કે'છે...<br>
તોડી સરોવર પાળ, સતીરાણી (૨)<br>
ગૌધન તરસ્યાં વારીયાં, તોરલ દે રે એમ જેસલ કે'છે...


|| પ્રાથમ્ય || "એક કિલો તેલની કિંમત..." ................૩
**સંકલન : એસ.જી.પટેલ**

|| વૈભવ અને વારસો || ..............................૪
**પદ્ય-વિભાગ : જેસલપીર**

|| નવાં કાવ્યો || ........................................૫
**પુષ્કરરાય જોષી, હેમંત મદ્રાસી**
**નવીન જોશી, ભગીરથ બ્રહ્મભટ્ટ**

|| વૈભવ અને વારસો ||
**ગદ્ય-વિભાગ :** અ-પરિચય ..............................૬
**વિનોબા ભાવે**

|| લઘુકથા-૧ || ત્રિકોણ ..................................૬
**પ્રફુલ્લ રાવલ**
|| લઘુકથા-૨ || ભૂલ ....................................૭
**હસમુખ રામદેપુત્રા**

|| ચિંતનકણિકા || Shakespeare Quote.........૮
**આર. કે. માંડલિયા**

|| પ્રેરક નિબંધ || સ્પર્ધામાં છૂપો દ્વેષ ..................૧૦
**રણછોડ શાહ**

|| અભ્યાસ || સાહિત્ય અને સમાજ : સાહિત્ય થકી સમાજ જીવનનું ઘડતર.....................................૧૨
**પ્રવીણભાઈ ભીખાભાઈ વજીર**

|| વૈશ્વિક || ભારત-અમેરિકા વેપાર યુદ્ધ : આર્થિક અને ભૌગોલિક હિતો વચ્ચેનો સંઘર્ષ ........................૧૪
**વિજયસિંહ ધંધુકિયા**

|| નવલકથા || જૂનો સિક્કો.............................૧૬
**એકતા નીરવ દોશી**
|| પ્રાસંગિક || વિશ્વ વિદ્યાર્થી દિવસ..................૨૦
**મિહિર એમ. વોરા**
|| સામાજિક || તરુણો અને વ્યસન.....................૨૨
**બી. એમ. પરમાર**
|| સમીક્ષા || 'ગૃહભંગ' નંજમ્માના સંઘર્ષની કથા........૨૫
**મહેન્દ્ર એમ. પરમાર**
|| વિદ્યાવૃત્ત || ................................૭, ૧૯, ૩૦




ISSN 0976-9609

## ।। પ્રાથમ્ય ।।

### "એક કિલો તેલની કિંમત...."

**સંકલન : એસ.જી.પટેલ લે. પાર્થ નાણાંવટી**

રોજ કરતા કૃણાલ આજે અલગ મૂડમાં લાગતો હતો. રોજ મારી સાથે કારમાં આવતા કૃણાલની આંખો ભીની હતી. તે વારંવાર કારની બહાર જોતો હતો અને આંખના આંસુ છુપાવવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો.

મેં કીધું 'દોસ્ત...એક વાત પૂછું..?'

'હા પૂછો આપ મારાથી વડીલ છો પૂછી શકો છો.' કૃણાલ બોલ્યો.

'દોસ્ત, રોજ કરતાં તું આજે ઢીલો લાગે છે. અંગત વાત હું કોઈને પૂછતો નથી અને કોઈ મને આગ્રહ કરે એ મને ગમતું પણ નથી. તારી સાથે રોજની અવરજવરને કારણે મન મળી ગયું છે એટલે પૂછી રહ્યો છું. કોઈ ન કહી શકાય એવી વાત હોય તો કોઈ પણ પ્રકારનો મારો આગ્રહ નથી.'

'સમીરભાઈ એવું નથી..'

'પણ દિવાળી જેમ જેમ નજીક આવે ત્યારે મારી મમ્મી મને યાદ આવે છે. તમે મારા ઓફિસના ટેબલ ઉપર જે ફોટો જોવો છો તે મારી મા છે, જેનો મોંઘવારીએ ભોગ લઈ લીધો.'

મેં ખભે હાથ મૂકી કીધું 'સોરી કૃણાલ, ખૂબ જ દુ:ખદ વાત છે.'

કૃણાલની આંખ હજુ આગળ કંઈક કહેવા માંગતી હતી.

મેં કીધું 'કૃણાલ, અત્યારે તું વધારે અપસેટ છે આપણે પછી કોઈ વખત...'

'સમીરભાઈ સાંભળો.'

'આમ તો વ્યક્તિગત અને ઘણી સંવેદનશીલ વાત છે. તમે ઘણા દિલથી નજીક આવી ગયા છો એટલે વાત કરું છું કૃણાલ બોલ્યો.

'સમીરભાઈ ૧૫૦ રૂપિયે પેટ્રોલ ભરાવવા તૈયાર છીએ તેવી વાત કરતા બિનજવાબદાર યુવાનોને મારો સવાલ છે.'

'કિલો સીંગતેલનો ભાવ શું છે ?..'

નહીં ખબર હોય ?


આપણા વડાપ્રધાન શું પહેરે છે, શું ખાય છે, કેટલા કલાક કામ કરે છે, કેટલું જાગે છે. બધી પંચાત કરશે પણ પોતાનો બાપ કેટલા કલાક ફેક્ટરીમાં કામ કરે છે, ટિફિનની અંદર શું લઈ જાય છે અને થાકેલો બાપ પથારીની અંદર કેટલા કલાક પડખાં ફેરવે છે ત્યારે તેને ઊંઘ આવે છે તેની ખબર એ નબીરો રાખતો નથી.'

'મફતનું બાપ કર્મી...'

સમીરભાઈ ધ્યાનથી સાંભળી રહ્યા.

---

માનદ્ મંત્રી
ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com



॥ વૈભવ-વારસો : પદ્ય વિભાગ ॥

## પાપ તારું પરકાશ....

**જેસલપીર**

પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે...
તારી બેડલીને બૂડવા નહિ દઉં જાડેજા એમ તોરલ કે'છે...
કીધાં મેં વકરમ કામ, સતી રાણી (૨)
બેડલી મારી નહિ તરે, તોરલ દે રે એમ જેસલ કે'છે...
તોડી સરોવર પાળ, સતીરાણી (૨)
ગૌધન તરસ્યાં વારીયાં, તોરલ દે રે એમ જેસલ કે'છે...
હરણ હણ્યાં લખ ચાર, સતીરાણી (૨)
વનનાં મોરલા મારીયા, તોરલ દે રે એમ જેસલ કે'છે...
ડુંગરે લગાડ્યા દવ, સતીરાણી (૨)
બેન ભાણેજાં દૂભવ્યાં, તોરલ દે રે એમ જેસલ કે'છે...
લૂંટી કુંવારી જાન, સતીરાણી (૨)
સતીવીશું મોડ બંધા મારીયા, તોરલ દે રે એમ જેસલ કે'છે...
બોલ્યા રે જેસલપીર, સતીરાણી (૨)
તમે તર્યા અમને તારજો, તોરલ દે રે એમ જેસલ કે'છે...

સંત સમાજમાં જેસલ-તોરલની અનેક કથાઓ ચર્ચાતી રહી છે. તેમાં જેસલ જાડેજો બહારવટિયો - ક્રૂર લૂંટારો હતો. તે સમય સમગ્ર પંથકમાં સ્વરૂપવાન તોરલ રાણી, તોરી ઘોડી અને તોરી તલવાર સાંસતિયાને ઘેર હતી. તેની ચોરી કરવા જેસલ આવ્યો પણ આ ત્રણેય ચીજો સંત સાંસતિયો સામેથી આપે છે. જેસલ તોરલને લઈને નાવડીમાં બેસી ખાડી પાર કરવા નીકળે છે ત્યારે તેમાં તોફાન જાગે છે. મૃત્યુ સામે દેખાય છે ત્યારે તોરલ નિર્ભય બેઠી છે, ને જેસલને પોતાના પાપ કબૂલી પાવન થવાનું કહ્યું એ સમગ્ર કથા ભજનમાં વણી લીધી છે.


ISSN 0976-9609

## ।। નવાં કાવ્યો ।।

### લેહ લગાડી...

પુષ્કરરાય જોષી

કેવી લેહ લગાડી,
અમને કેવી લેહ લગાડી !
વીજ સમા ઝબકારે એણે
દિલમાં જ્યોત જગાડી...

રોમે રોમે પીડા પ્રગટી,
શ્વાસે શ્વાસે જ્વાળા,
કૈંક યુગનાં કૂડા કરમે
આભે ભર્યા ઉચાળા,
પળપળ પ્રાણ પુકારે પ્રભુને
ભોંયે શીશ પછાડી...

મારગ ભારે વિકટ ભલેને
હૈયે હરખ અપાર;
ડગલે પગલે દિલને મળતો
શો અદીઠ આધાર !
કોણ કરે મંજિલની પરવા ?
ગાડી ચલે અગાડી...

૪૭૯, ગુજરાત હાઉસીંગ બોર્ડ, કણકોટ પાટિયા,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, (મો) ૯૯૨૫૧૬૫૧૬૪

### વિખવાદ છે...

હેમંત મદ્રાસી

અન્ય સઘળી વાતમાં વિખવાદ છે,
તું છે, તો આ જિંદગી આબાદ છે !
બહાર આજે કેટલો વરસાદ છે,
દિલમાં વ્યાપેલો છતાં અવસાદ છે !
એ બીજાંને શક્ય છે, ના સંભળાય !
મૌન દ્વારા ચાલતો સંવાદ છે !
કોઈ સઘળી વાતને ભૂલી ગયા,
કોઈને સઘળું હજી પણ યાદ છે !
પૂછ્યું મેં, સંગીતના ચાહકને એ;
એના ગમતા આજે પણ નૌશાદ છે !

૨/૬૫૧, છેલ્લો મોહોલ્લો, રૂસ્તમપુરા,
પરાગ હાઉસની પાછળ, સુરત-૩૯૫૦૦૨

### પાછળ પાછળ... (ગઝલ)

નવીન જોશી

કોઈ રમે છે ખુલ્લંખુલ્લાં, કોઈ રમે છે પડદા પાછળ,
સૂરજ ઊગે ખુલ્લંખુલ્લાં આથમે છે એ વાદળ પાછળ,

કોઈ વિના કે કાંઈ વિના વગર વિના પણ થઈ શકે છે,
શબ્દો ઊંઘે, શબ્દો જાગે, શબ્દો દોડે કાગળ પાછળ.

ધડધડાધડ દ્વાર ભીડીને વિચારને ક્યાં રોકી શકતાં ?
અંતે મનની વાત કરી તો ધરી ગયાંને સાંકળ પાછળ !

એને શરમ ના હોવી જોઈએ સ્વીકાર પ્રેમનો કરવામાં,
ગુલાબ આપ્યું, લઈ લીધું, સ્મિત આપ્યું બાવળ પાછળ.

પર્વત સંઘરી બેઠા'તાં જળ, નદી બનીને વહી રહ્યું છે,
એનો પણ ઇતિહાસ લખાશે વંચાશે જે ખળખળ પાછળ.

"સ્પંદન", યોગીનગર, ધારી-૩૬૫૬૪૦,
જિ.અમરેલી, ગુજરાત, (મો) ૬૩૫૩૧ ૨૭૮૫૩

### પંથ જીવનનો પતરાળાં છે ...

ભગીરથ બ્રહ્મભટ્ટ

પંથ જીવનનો પતરાળાં છે પગલું સ્વાદનો પડિયો રે,
જીવ અંધારાં આરોગે છે આતમ તેજે ભરિયો રે
આંખો અંદર ઉપનિષદ છે
વાચા બ્હારા વેદ જી
જ્ઞાન ગુરુનાં એમ કહે છે
જીવ છે શિવમાં કેદ જી
શબ્દોમાં છે રાંક સુદામો અર્થોમાં શામળિયો રે
નસ નસ વહેતાં ગંગાજીને
પુરાણ નાભિનાળે જી
રથમાં બેઠા રથી સારથિ
પાંડુ સુતને તારે જી
બળબળ થાતાં રણની નીચે ખળખળ થાતો દરિયો રે

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર,
વલ્લભ વિદ્યાનગર, આણંદ, (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

## ॥ વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ॥

### અ-પરિચય

**વિનોબા ભાવે**

આપણે અમુક લોકો સાથે નિરંતર રહેવું પડે છે, તો એ લોકોને જોઈને મનમાં અમુક ભાવ પેદા થાય છે. એમના વિશે અમુક અભિપ્રાય બંધાય છે.

પણ આ રીતે કોઈપણ વ્યક્તિને માપવી ન જોઈએ. કારણ કે આપણને તો તેના આ જન્મનાં જ દસ-વીસ વરસની જાણકારી છે. પણ આ પૂર્વે તેના તો કેટલાયે જન્મ થયેલા છે. એ તો એક પુરાણ પુરુષ ! એ એક ગૂઢ તત્ત્વ છે, જેને એ પોતે પણ નથી જાણતો - તો પછી આપણે તેને શું જાણવાના હતા !

માટે દરેક વ્યક્તિ પ્રત્યે આપણું આદરયુક્ત અળગાપણું હોવું જોઈએ; એક જાતનો આધ્યાત્મિક અ-પરિચય હોવો જોઈએ. આસમાનમાં ચમકતી તારિકાઓ એટલી તો પ્રજ્વલિત છે કે સૂર્યનારાયણ તો એમની આગળ એક નાનકડા બિંદુ સમાન છે. છતાં આપણી આંખો ઉપર એ તારિકાઓની સૌમ્ય અસર થાય છે. એમનાં દર્શનથી આપણી આંખનું તેજ વધે છે. આનું કારણ એ છે કે તે તારિકાઓ આપણાથી અત્યંત દૂર છે.

એવી જ રીતે પરસ્પરનો પ્રેમ જાળવી રાખવા માટે, નિકટ રહેવા છતાં એક જાતનું અળગાપણું કાયમ રાખવું જોઈએ. આધ્યાત્મિક અનાસક્તિ અનુભવવી જોઈએ.

'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર

## ॥ લઘુકથા-૧ ॥

### ત્રિકોણ

**પ્રફુલ્લ રાવલ**

આગની જેમ ફેલાઈ ગઈ વાત સાંજ સુધીમાં તો. સહુએ જાણ્યું અને માન્યું' 'છેવટે આનલ પાસે પહોંચ્યો ખરો સમીર.' તોય શમાને શ્રદ્ધા હતી : અને આવશે, એ પાછો આવશે.' એટલે તો કશું દૂર નહોતું કર્યું એણે, પણ અઠવાડિયામાં તો ચહેરાનું નૂર જાણે ઓસરતુ રહ્યું ને એકલતા એને કરડતી રહી. દીવાલ પરની તસવીર સાથેનો એકાકી સંવાદ સૂકાતો ગયો. સામે બારણે રહેતી ઈશાથી પૂછાઈ ગયું 'ક્યાં સુધી પ્રતીક્ષા કરીશ?' દિવસ આખો એ વિચારમાં અટવાતી રહી. રાતે તસવીર સામે એણે મન સાથે સમાધાન કર્યું અને આનલને વ્હોટ્સ અપ મેસેજ કર્યોઃ 'તું ય આવ સમીર સાથે. બારણુ ખુલ્લું છે.' પછી થોડા દિવસ લોકોમાં ચર્ચા'તો રહ્યો એ ત્રિકોણ.

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ ગાર્ડનની સામે,
વાસણા બસ સ્ટેન્ડની પાછળ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭,
ગુજરાત-ભારત (મો) ૯૮૭૯૦૧૩૧૭૦

## ॥ લઘુકથા-૨ ॥

### ભૂલ

**હસમુખ રામદેપુત્રા**

સમજુ ડોશી પર મોટા દીકરાનો કાગળ આવ્યો હતો. દીકરે ઘણા દિવસે પત્ર લખ્યો હતો. સમજુ ડોશી પત્ર વારંવાર વાંચતા જાય ને વિચારતા જાય. આ જોઈ તેના પતિ વાલા ડોસાએ કહ્યું : "કાગળમાં શું લખ્યું છે ?"

"આપણા મોટા દીકરાનો પત્ર છે. તેની દીકરીના લગ્ન આવતા સોમવારે છે અને આપણને નિમંત્રણ આપ્યું છે કે તમો બંને લગ્નમાં સમયસર આવી જશો."

વાલાએ કહ્યું: "આપણો સગો દીકરો અને આપણને અત્યાર સુધી જાણ પણ ન કરી ! હવે લગ્નનું નિમંત્રણ આપે છે !"

સમજુએ મન પર કાબૂ રાખતા કહ્યું: "મોટો દીકરો ઓફિસર છે. તેને ત્યાં નવા નવા મોટા મોટા અધિકારીઓ આવતા હોય, તેને વધારે કામ રહેતું હોય અને તે અહીંયા સુધી આવી શકે તેમ ન હોય તેથી પત્ર લખીને જાણ કરી છે. આમાં આપણે દુઃખી થવાનું કારણ નથી."

વાલાએ કહ્યું: "તો શું, હવે આપણે લગ્નમાં દીકરાને ત્યાં જવું કે નહિ ?"

"ના, દીકરાનું ઘર ઘણે દૂર છે. આપણે બંને એકલા જઈ શકીએ નહિ. તેથી કાલે પડોશીના દીકરીના લગ્નમાં જઈ આવશું, આપણું મન ખુશ થશે."

બીજા દિવસે બંને પડોશીની દીકરીના લગ્નમાં જઈને તેને આશીર્વાદ આપી આવ્યા. પડોશીને ત્યાં નહિ, પણ દીકરાને ત્યાં જઈ આવ્યા હોય તેવો આનંદ બંનેએ અનુભવ્યો !

ઘરે આવ્યા ત્યારે તેણે જોયું તો પોતાનો મોટો દીકરો ઊભો હતો !

સમજુ ડોશીએ ખુશી વ્યક્ત કરતાં કહ્યું: "તું ક્યારે આવ્યો ?"

"બસ, આવું જ છું." મોટા દીકરાએ વાતની સ્પષ્ટતા કરતાં કહ્યું : "હું ક્ષયનો રોગી છું. આ વાતની કોઈને ખબર પડવા દીધી નથી. દીકરીના લગ્નનું સપ્તાહમાં જ આયોજન થયું. આ કામ ઝડપથી પૂર્ણ કરવાનું હતું તેથી હું આપને લેવા આવી શક્યો નહિ તો, આ ભૂલ માટે મને માફ કરશો."

સમજુ ડોશીએ દીકરાને કહ્યું : "બેટા, ભૂલ તારી નથી થઈ પણ ભૂલ તો અમારી થઈ છે. અમો તને સમજી ન શક્યા !"

અવધ, બ્લોક નં. ૭૬, સેટેલાઈટ પાર્ક સોસાયટી,
સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક પાસે,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ (મો) ૯૮૭૯૪૮૫૬૬૭

## ॥ વિદ્યાવૃત્ત ॥

### ગો. જો. શારદા મંદિર

તા.૧-૯-૨૦૨૫ થી તા. ૧૫-૯-૨૦૨૫ એન.સી.સી.રાષ્ટ્રીય કક્ષાના થલ સૈનિક કેમ્પ (TSC) ૨૦૨૫માં ફાયરિંગમાં ઉત્તમ પ્રદર્શન હરીફાઈમાં સમગ્ર ગુજરાતમાંથી ગર્લ્સ કેડેટમાં ૮ કેડેટની પસંદગી થઈ છે. શાળાની વિદ્યાર્થિની દિયા ઠાકર પણ પસંદગી પામી છે અને શાળાનું ગૌરવ વધાર્યું છે.

## ।। ચિંતન-કણિકા ।।

## Shakespeare Quote :

**આર. કે. માંડલિયા**

"To be or not to be, that is the question:
Whether it is nobler in the mind to suffer
The slings and arrows of outrageous fortune,
Or to take arms against a sea of troubles,
And by opposing end them ? To die: to sleep..."
(William Shakespeare's Hamlet Act:III Scene:I)

અંગ્રેજી સાહિત્યના ઈતિહાસમાં વિશ્વમાં સૌથી વધુ ચર્ચિત અને પ્રચલિત ઉપરોક્ત પંક્તિનો વિલિયમ શેક્સપિયરની સૌથી વધુ મહાન કરુણાંતિકા હેમલેટમાં રાજકુમાર હેમલેટ નાટકના ત્રીજા અંકના પ્રથમ દશ્યમાં એકોક્તિ સ્વરૂપે બોલે છે. શેક્સપિયરનાં સાહિત્યનાં પ્રખર વિદ્વાનોમાં ઉપરોક્ત પંક્તિઓ સાહિત્યિક ચર્ચાઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે, ઉપરોક્ત પંક્તિઓનું અર્થઘટન વિવિધ સ્તરે સંભવ છે.

હેમલેટ શેક્સપિયરના જીવન દરમ્યાનનાં તે સાહિત્યિક યુગનો નાયક છે કે જ્યારે નવજાગૃતિકરણ (રેનેસાં) નવચેતના, અનુવાદ દ્વારા મહાન કૃતિઓ પ્રાપ્ય થવી અને માનવવાદ-હ્યુમેનિઝમ જેવી લાક્ષણિકતાઓ તેની ચરમ સીમા પર હતી એ તેથી જ તે યુગનાં એક સાચા પ્રતિનિધિની જેમ હેમલેટ દરેક ઘટના ઉપર વિચાર વધુ કરે છે. પણ વિચારોનાં પ્રમાણમાં એટલી જ ઝડપથી એક્શન નથી લેતો. પોતાનાં મનમાં ઉત્પન્ન થયેલાં અનેક દ્વન્દ્વ, અવઢવ, અસમંજસ જેવા અનેક વમળમાં તે ઘેરાયલો હોય તેવી તેની અનુભૂતિ છે. પોતાની આ અસમંજસ હેમલેટ તેની એકોક્તિ દ્વારા રજૂ કરે છે. તેના કેટલાક શક અને અસમંજસ આ પ્રમાણે છે. હેમલેટની મુલાકાત પોતાના પિતાના પ્રેતાત્મા સાથે થઈ ચૂકી છે. પરંતુ તેને એક એવો પણ સંશય છે કે શું ભૂત અથવા પ્રેતાત્મા જેવું કોઈ હોઈ શકે ખરું ? તેની બીજી એક અસમંજસ એ છે કે જો તેની માતા અને કાકા વચ્ચે સંબંધો શરૂઆતથી જ હોય તો પછી હેમલેટ પોતે કોનો પુત્ર ? એવું હોઈ શકે કે દુનિયાની નજરે તેના પિતા કીંગ હેમલેટ હોય પણ વાસ્તવમાં તેના પિતા તેના કાકા ક્લોડિયસ પણ હોઈ શકે છે. તો પછી આવા સંજોગોમાં પોતાના કાકા પણ વાસ્તવમાં તેના પિતા કલોડિયસની હત્યા કરવી યોગ્ય છે તેના માટે ? તેના મનમાં ચાલતા સંશયોનું એક કારણ ઓફિલિયા પણ છે. હેમલેટની પ્રિયતમા ઓફિલિયા પ્રત્યે પણ તેને પૂરેપૂરી શંકા છે. આજ શંકાને કારણે હેમલેટ ધીમેધીમે પોતાની દૂરી બનાવવાનું અને તેને પોતાનાથી દૂર રાખવાની કોશિશ કરી રહ્યા છે. હેમલેટ દ્વારા તિરસ્કૃત થયેલી ભગ્નહૃદયી ઓફિલિયા આત્મહત્યા તરફ આગળ વધે છે. હેમલેટને સંશય એ છે કે જેવો વ્યવહાર તેની માતાએ તેના પિતા પ્રત્યે કર્યો તેવો જ વ્યવહાર તેની સાથીદાર ઓફિલિયા તેની સાથે કરે તો ? બસ, આજ સંશયને કારણે તે ઓફિલિયાથી પોતાની દૂરી બનાવવાનું શરૂ કરે છે. હેમલેટનું આવું વર્તન ઓફિલિયા માટે એક પહેલી જ રહે છે.

આ પ્રકારની મનોદશામાં હેમલેટ ઉપરોક્ત પંક્તિઓ બોલે છે. પ્રસ્તુત પંક્તિઓનું પ્રથમ અર્થઘટન એ થાય છે કે જીવતા રહીને જીવનનાં તમામ દુઃખો, યાતનાઓ, અને પીડાઓને એક ઉમદા આત્માવાળા વ્યક્તિની જેમ કંઈપણ ફરિયાદ કર્યા વગર ચૂપચાપ સહન કરી લેવી કે પછી એક જીવનયુદ્ધના યોદ્ધાની જેમ સફળતાપૂર્વક આવનાર પડકારોનો સામનો કરવો. અર્થઘટનનું બીજું સ્તર એ છે કે જીવનની તમામ પીડાઓમાંથી છુટકારો મેળવવા આત્મહત્યા કરી લેવી. પ્રસ્તુત પંક્તિઓમાં "to be" નો અર્થ થાય છે. "જીવતા રહેવું" અને "not to be"નો અર્થ


ISSN 0976-9609

થાય છે કે "જીવન ન રહેવું" અને યાતનાઓમાંથી મૃત્યુ દ્વારા પલાયન થઈ જવું. હેમલેટ જીવનનાં તમામ દુ:ખો અને અવઢવોમાંથી પલાયન કરી જવા માટે મૃત્યુને એક છટકબારી તરીકે જુએ છે. ત્રીજું સંભવિત અર્થઘટન એ છે કે હેમલેટ મૃત્યુ અને નિંદ્રાને મહદ્ અંશે સમાન જોઈ રહ્યો હોય તેવું ભાસે છે. ઉલ્લેખનીય છે કે ઘણા વિચારકો મૃત્યુ અને નિંદ્રાને એક સમાન જુએ છે. મૃત્યુ એ કાયમી નિંદ્રા છે અને નિંદ્રાએ અલ્પ સમયકાળ માટે વ્યક્તિનું મૃત્યુ છે. પરંતુ હેમલેટ જીવન હોય કે મૃત્યુ હોય બન્નેમાંથી એક પણ બાબતમાં જીવનની પીડાઓમાંથી કાયમી મુક્તિ મળી શકે તેવું નથી માનતા અને જીવનનાં સંઘર્ષોનો સામનો એક વીર યોદ્ધાની જેમ કરવાનું વધુ મુનાસીબ ગણે છે. હેમલેટને જીવનનું એ સત્ય સુપેરે સમજાય જાય છે કે સૌથી વધુ યોગ્ય અને સાર્થક માર્ગ જીવન જીવવા માટે હોય તો એ છે જીવતા રહેવું અને શૂરવીરની જેમ તમામ સંઘર્ષોનો સામનો કરવો. મૃત્યુને સ્વીકારવું એ તો જીવનનાં સંઘર્ષોથી ડરી પલાયન થઈ જનાર ડરપોક અને કાયર માનવીની નિશાની છે.

(મો) ૮૩૨૦૧ ૯૫૨૮૨

*"Doubt thou the stars are fire;*
*Doubt that the sun doth move;*
*Doubt truth to be a liar; But never doubt I love."*

***

*"There is nothing either good or bad,*
*but thinking makes it so."*

***

*"This above all: to thine own self be true,*
*And it must follow, as the night the day,*
*Thou canst not then be false to any man."*

***

*"My words fly up, my thoughts remain below:*
*Words without thoughts never to heaven go."*

## ।। પ્રેરક નિબંધ ।।

## સ્પર્ધામાં છૂપો દ્વેષ

રણછોડ શાહ

આજનો યુગ ગળાકાપ સ્પર્ધાનો છે. સૌ કોઈ પણ પ્રકારે હરીફાઈમાં વિજેતા બનવા માટે કાંઈ પણ કરવા તત્પર છે. મહાન બાળકેળવણીકાર અને 'મૂછાળી મા'નું બિરુદ ધરાવતા ગીજુભાઈ બધેકાએ શાળાના બાળકોમાં સ્પર્ધાની ટેવ ન પડે તે માટે હરીફાઈ ઓ યોજવાનું ટાળવા કહ્યું હતું. જો કદાચ તેમ કરવું પડે તો પણ તેને ઈનામો આપી એકબીજા તરફ ઈર્ષાના બીજારોપણથી દૂર રહેવા ભારપૂર્વક જણાવ્યું હતું. પરંતુ વર્તમાન સમાજ અને શિક્ષણે આ મહામૂલી શિખામણને અભરાઈએ ચડાવી દીધી છે. વ્યક્તિને સફળતા પ્રાપ્ત થાય ત્યારે તેને ખુશી થવી સ્વાભાવિક છે. તેથી તે અન્યને જણાવવા ઉત્સુક હોય છે. પરંતુ તમારી ખુશી અન્યોને પણ ખુશ જ કરે તેવું હંમેશાં બનતું નથી. ક્યારેક તેમાંથી ઈર્ષા ઉત્પન્ન થાય છે. તો ક્યારેક બે જણ વચ્ચે કડવાશ ઊભી કરવાનું કારણ બની જાય છે.

વર્તમાન સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા યોજવાની અને બિનજરૂરી દેખાડો કરવાની ટેવ પડી છે. રમત-ગમતમાં હરીફાઈ થાય કે સમાજ-શાળામાં કોઈ સ્પર્ધા યોજાય ત્યારે વિજેતાક્રમ જાહેર કરવાની પ્રથા તળિયા સુધી પહોંચી ગઈ છે. બીજો નંબર પહેલા નંબરની અને ત્રીજો નંબર પહેલા-બીજા નંબરની ઈર્ષા કરે છે. ઈર્ષા-અદેખાઈમાં હંમેશા સૂક્ષ્મ હિંસા જ રહેલી હોય છે. રમત-ગમતમાં એક ટીમ હારે ત્યારે જ બીજી ટીમ જીતે છે. હારેલી ટીમમાં નિરાશા વ્યાપી જાય છે. ફરીથી રમતમાં ઉતરે ત્યારે સામેની ટીમને શત્રુની નજરે જુએ છે. મહાત્માગાંધી એ ભારતની આઝાદી અપાવવાના પાયામાં સત્ય અને અહિંસાને રાખ્યા. આ બે પાયાના સદ્ગુણોનો કોઈપણ હરીફાઈમાં મોટાભાગે છેદ ઉડી જાય છે. આજે તો મિસ વર્લ્ડ અને મિસ ઈન્ડિયાની સ્પર્ધામાં ભાગ લેતા યુવાવર્ગને જોઈએ તો એ વાત સ્પષ્ટપણે સમજાશે કે તેઓ પહેલો ક્રમ પ્રાપ્ત કરવા તમામ નીતિ-નિયમોને નેવે મૂકવા તૈયાર છે. ક્રિકેટ, ફૂટબોલ કે અન્ય રમતોમાં સૌ ઝનૂનપૂર્વક આક્રમકતાથી રમી સામેની ટીમને હરાવવા મેદાનમાં ઉતરે છે. ઝનૂન શબ્દમાં જ હિંસા અભિપ્રેત છે. સમાચારપત્રો જીતેલી ટીમ માટે એવા સમાચાર લખે છે કે 'સામેની ટીમને ધૂળ ચટાવી દીધીને' ! 'ચગદી નાંખીને' વગેરે. આવી ભાષા રમતગમત ક્ષેત્રે યોગ્ય નથી. જીત પ્રાપ્ત કરેલ ટીમ હારેલી ટીમની શત્રુ નથી, માત્ર પ્રતિસ્પર્ધી છે.

*પૂર્ણ સંતોષી છું બેડો પાર લાગે છે.*
*એક બે છાંટાય મને મુશળધાર લાગે છે.*
*જીતવામાં ક્યાં હવે કૈં સાર લાગે છે,*
*સાવ સાચો તર્ક પણ તકરાર લાગે છે.*

**-શોભિત દેસાઈ**

બીજી બાજુ વ્યવસાયના વિકાસમાં તો સ્પર્ધાનું બજાર બેસુમાર ઘાતકી રીતે આગળ વધવા તૈયાર થઈને બેઠું છે. હોમ ડિલીવરી કરતી એક કંપની ૩૦ મિનિટમાં પહોંચાડતા હોય તો બીજી ૨૦ મિનિટમાં માલ પહોંચાડવા તત્પર છે ! કરોડો રૂપિયાની તેમની જાહેરાતોથી દૈનિક સમાચારપત્રોના પાના ઉભરાઈ જાય છે. આ ઝડપમાં ક્યારેક અકસ્માત કરી બેઠેલા યુવાનનો જાન જાય ત્યારે સૌ ઢોળાયેલા દૂધ ઉપર આંસુ સારે છે. આટલી બધી ઉતાવળ કરવાની શી જરૂર હતી તેવી સુફિયાણી સલાહ ત્યારે સૌ આપે છે. પરંતુ પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનોમાં ઝડપને અગ્રતાક્રમે મૂકી બધી જ કંપનીઓ બીજા કરતાં ક્ષમતાવાળા વાહનો તૈયાર કરતા હોવાની જાહેરાત કરવામાં કોઈ પાછું વળીને જોતાં નથી. મોટા અને મધ્યમ કક્ષાના શહેરો ગગનચુંબી રહેઠાણની ઈમારતોથી ઉભરાઈ રહ્યા છે. દશથી માંડીને પંદર માળ સુધીના મકાનો સામાન્ય થઈ ગયા છે. તેમાં અંદરો અંદરની સ્પર્ધામાં પર્યાવરણનું સત્યાનાશ વળી રહ્યું છે, તે કોણ કોને સમજાવે ?


ISSN 0976-9609

*પથ્થરો પોલા નીકળશે શી ખબર ?*
*મિત્રો સહુ બોદા નીકળશે શી ખબર ?*
*એમની આંખો ભીંજાઈ'તી ખરી,*
*આંસુઓ કોરાં નીકળશે શી ખબર ?*
**-ચીનુ મોદી**

આપણે એવું સમજી બેઠા કે વિકાસ કે પ્રગતિ કરવી હોય તો સ્પર્ધા તો કરવી જ પડે ! સ્પર્ધા ન હોય તો વિકાસ કેવી રીતે થાય ? સ્પર્ધા તો પ્રગતિની જનની છે. વિશ્વના અનેક દેશોએ હરીફાઈ કરી માટે તો તેઓ વિકસિત કે વિકાસશીલ બની ચૂક્યા છે. આવી અયોગ્ય માન્યતાઓ ઘર કરી ગઈ છે. પરંતુ આપણે વિકાસની આડપેદાશો તરફ આંખ આડા કાન કર્યા. જો મનુષ્ય મનુષ્ય વચ્ચે ઈર્ષા, અદેખાઈ, હિંસા વગેરે વધવાના હોય તો તે પ્રગતિ શું કામની ? આખરે તો જીવન જીવવા માટે સુખ અને શાંત અતિ આવશ્યક છે નહીં કે ઉદ્વેગ, કકળાટ કે તાણ. સ્પર્ધાને કારણે તો હરીફોમાં જબરદસ્ત તાણ પેદા થાય છે. આ તાણ તેના મનની શાંતિ હરી લે છે. કદાચ અત્યંત કપરી સ્પર્ધામાં વિજેતા થયા બાદ સામે હારેલા ઉમેદવારને જોઈને જો દયા કે અનુકંપા ન થતી હોય તો માનવ તરીકે માણસાઈ ચૂકી જવાય છે તેવું નથી લાગતું ? આપણે તો હારેલા-નિરાશ થયેલાને આશ્વાસન આપી ઊભો કરવાના બદલે પડતા ઉપર પાટુ મારીએ છીએ.

માત્ર મારું આંગણું ચોખ્ખું હશે, પરંતુ પાડોશીનું ગંદુ હશે તો તેવી ચોખ્ખાઈ શા કામની ? હું સુખી, પરંતુ મારો પાડોશી દુઃખી તો તે સુખ શું કામનું ? આપણે તો વસુધૈવ કુટુમ્બકમ્‌માં માનનારા છીએ. સ્પર્ધા કરવી જ પડે તો કરીએ પરંતુ તેનાથી કટૂતા ન થાય, ઉદ્વેગ-અશાંતિ ન થાય, વેર-વૈમનસ્ય ઊભું ન થાય, તેની જરૂરથી કાળજી રાખીએ. શક્ય હોય ત્યાં સુધી હરીફાઈ ટાળી શત્રુતા ઉત્પન્ન ન થાય તેવું વાતાવરણ તૈયાર કરવાની કાળજી રાખીએ.

*લીલા-સૂકા તણાવ છૂટતા જાય છે,*
*કાળા-ધોળા લગાવ છૂટતા જાય છે.*
*વૃક્ષો ભેળાં તળાવ છૂટતા જાય છે,*
*પંખી, માળા, પડાવ છૂટતા જાય છે.*
**- વર્ષા પ્રજાપતિ 'ઝરમર'**

---

૬૩, ભૃગુપૂર સોસાયટી, કસક, ભરૂચ
(મો) ૯૯૭૯૮૬૧૬૩૧

---

***વિજેતાઓ કોઈ અલગ કામ નથી કરતા,***
***તેઓ દરેક કામ અલગ રીતે કરતા હોય છે.***
**- શિવ ખેરા**

**એકવાર હાર્યા બાદ ફરીથી પ્રયત્ન કરવામાં ડરશો નહીં.**
**કેમકે આ વખતની શરૂઆત શૂન્યથી નહીં પણ અનુભવથી થશે.**
**- સ્વામી વિવેકાનંદ**

★ ★ ★

**નબળા વ્યક્તિ ત્યારે અટકી જાય છે, જ્યારે તે થાકી જાય છે.**
**પરંતુ સફળ વ્યક્તિ ત્યારે અટકે છે જ્યારે લક્ષ્ય પ્રાપ્ત થઈ જાય છે.**

|| અભ્યાસ ||

## સાહિત્ય અને સમાજ : સાહિત્ય થકી સમાજ જીવનનું ઘડતર

પ્રવીણભાઈ ભીખાભાઈ વજીર

**પ્રસ્તાવના :** આપણે સૌ જાણીએ છીએ કે સાહિત્ય એ સમાજનું દર્પણ છે. આ જોતાં એવું પ્રતીત થાય છે કે, સાહિત્ય અને સમાજ એ બંને એકબીજાના પૂરક છે. સાહિત્યને લખનાર વ્યક્તિ એ સમાજ સાથે સંકળાયેલી હોય છે અને સાહિત્ય એ સમાજ સાથે સંકળાયેલું હોય છે. સમાજ અને સાહિત્યને જોડતી કડી સર્જક-લેખક છે એટલે એ સમાજ સાથે સંકળાયેલ વ્યક્તિ છે. સંસ્કૃતિ દ્વારા વ્યક્તિની સર્જનાત્મકતા વિવિધ સ્વરૂપે સમાજમાં વ્યક્ત થાય છે. લાગણીઓની અભિવ્યક્તિ એ કલાનું મહત્ત્વનું કાર્ય છે અને માનવીની જરૂરિયાત પણ છે.

**સાહિત્ય અને સમાજ :** સમાજનું પ્રતિબિંબ કરનાર વ્યક્તિ અનુભૂતિ સ્વરૂપે એક સાહિત્યના માધ્યમ દ્વારા પોતાની ક્રિયા-પ્રતિક્રિયા આપતી હોય છે. સાહિત્ય એ સમાજનો આધારસ્તંભ હોવાથી તેમાં સમાજ જીવનની ખાસિયતો, પ્રશ્નો જે કંઈ વાસ્તવિક ઘટનાઓ કે પ્રતીકો સ્વરૂપે વિકસતું જીવન તેમાં હોય છે. સર્જક પોતાની કૃતિ દ્વારા સમાજ ઘડતરનું કાર્ય પણ કરતો હોય છે. પોતાની કૃતિમાં વિચારો રજૂ કરીને સમાજને નવી વિચારધારા તરફ અંગુલીનિર્દેશ કરતો હોય છે. સાહિત્યને સમાજનો દસ્તાવેજ અને વાહક તેમજ સંરક્ષક પણ કહી શકાય. આજે સમાજમાં જે ચાલી રહ્યું છે, તેને સાહિત્ય દ્વારા લોકો સુધી પહોંચાડી શકાય છે. આજના આ આધુનિક અને ટેક્નોલોજીના યુગમાં માનવીને સમાજમાં રચાતા સાહિત્યમાં વધેલી હિંસાત્મકતા, રાજકારણીય ગંદકી, સામાજિક બદલાવ, નવીન ઉપકરણોનો આવિષ્કાર વગેરે દેખાતું હોવા છતાં છૂટથી ઉપયોગ કરે છે.

સમાજનો દરેક સભ્ય-નાગરિક પોતાના સમાજનો પ્રતિનિધિ અને તેના વૈચારિક અને બૌદ્ધિક વારસાનો પ્રવક્તા હોય છે. સાહિત્ય એવું તત્ત્વ-સર્જન છે જેને સમાજના દરેક સ્તરના લોકો કોઈપણ પ્રકારના ભેદભાવ વિના આસ્વાદે છે. સાહિત્ય એ સૌની મજિયારી મૂડી છે. કોઈપણ સમાજનો અંતરંગ પરિચય તેના સાહિત્ય દ્વારા સારી રીતે મેળવી શકાય છે. સાહિત્ય કલાને સર્વશ્રેષ્ઠ કલા માનવામાં આવી છે. સાહિત્યનું માનવજીવનમાં વિશિષ્ટ અને અમૂલ્ય સ્થાન છે.

Literature is the Mirror of the Life. સાહિત્ય એ સમાજનું દર્પણ છે. આ ઉક્તિના સંદર્ભમાં જોઈએ તો સાહિત્ય અને સમાજ એકબીજાના પૂરક છે. દરેક સર્જક એ પોતાના સમયનું સંતાન છે. તે સમાજમાં જન્મે છે, જીવે છે, ગમા-અણગમા, હર્ષ-શોક, નીતિ-અનીતિ વગેરે તેના સાહિત્યમાં ઝીલાય તે સ્વાભાવિક છે. મેથ્યુ આર્નોલ્ડ તો સાહિત્ય ને સમાજ જીવનની સમીક્ષા તરીકે ઓળખાવે છે. સર્જકની આંખ તો કેમેરા જેવી છે, જે પેલી પારનું પણ જોઈ શકે છે.

કાકાસાહેબ કાલેલકર કહે છે કે, સાહિત્ય એ જીવનની સંસ્કૃતિનું પ્રતિબિંબ છે, એટલે જીવન સાથે સીધો અને ઉત્કટ સંબંધ ધરાવતા બધા શાસ્ત્રો પણ સાહિત્યમાં આવી જાય છે. આમ, આધ્યાત્મિક વિદ્યા, ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ, કામ વિજ્ઞાન, પદાર્થ વિજ્ઞાન બધું જ સાહિત્યમાં આવી જાય છે.

સમાજમાં ઘણાં એવાં ઉદાહરણો છે કે સાહિત્યની સીધી અસર લોકો પર પડી હોય. દા.ત. સરસ્વતીચંદ્ર નવલકથાની અસરથી લોકો પોતાના દીકરા-દીકરીને એ નામ આપવા પ્રેરાયા. હરિશ્ચંદ્ર નાટકની ગાંધીજી પર એટલી અસર થઈ કે તેઓ સત્યનું પાલન બરાબર કરવા લાગ્યા. આવાં અનેક ઉદાહરણો છે કે જેની સીધી અસર સમાજ અને લોકો પર પડી હોય.

સાહિત્યનું માધ્યમ ભાષા હોવાથી તે એક સામાજિક સર્જન છે. જીવન-સંઘર્ષની પદ્ધતિઓમાં


ISSN 0976-9609

વાણી પણ એક અનિવાર્ય અંગ છે. આંતર-સંબંધોમાં સદેશા વ્યવહારના માધ્યમ તરીકે તેને સંચિત કરવા માનવ જાતે વાણીનો ઉપયોગ કર્યો. ભાષા એ સૌથી મોટો સ્થળ સંદર્ભ હોવાથી કોઈપણ સાહિત્ય લઈએ છીએ ત્યારે જુદાજુદા ભૌગોલિક સંદર્ભો જોવા મળે છે. જેમકે, આદિવાસી સાહિત્ય, દલિત સાહિત્ય, પશ્ચિમી સાહિત્ય, પ્રાચીન, અર્વાચીન સાહિત્ય. એક જ સ્થળ હોવા છતાં ભૌગોલિક સીમા, ભાષા અને સાહિત્ય વચ્ચે સંબંધ જરૂર હોય છે. સમાજ એ બદલાઈને પરિવર્તન પામતો રહે છે. સમયની દષ્ટિએ જોઈએ તો આ કારણ એકદમ વ્યાજબી છે.

સર્જક ક્યારેક આત્મલક્ષી કે પરલક્ષી રીતે પોતાના અંગત સ્તરે આલેખન કરતો હોય પણ તેમાં નિમિત્તરૂપ ક્યાંક ને ક્યાંક સમાજ તો હોય જ છે. માનવીની જરૂરિયાતો વધતી રહેતી હોવાથી મોજશોખ વગેરેને કારણે નવી શોધો થતી રહે છે. જેમકે, ઔદ્યોગિક ક્રાંતિ, વૈજ્ઞાનિક ક્રાંતિ, સામાજિક પરિબળોમાં પરિવર્તન આવવાને કારણે પણ સમાજનું માળખું બદલાતું રહે છે.

સાહિત્યનું પરમ કર્તવ્ય આનંદ આપવાનું છે. આગળ વધીને કહીએ તો સમાજને ઘડવાનું કાર્ય પણ સાહિત્યનું છે. સાહિત્ય અને સમાજ એ એકબીજાની સાથે અતૂટ રીતે જોડાયેલાં છે. જો કે સર્જક તે સામગ્રી સાહિત્ય અને સમાજમાંથી લેતો હોય છે. સાહિત્યમાં સમાજનું પ્રતિબિંબ વત્તા-ઓછા પ્રમાણમાં ચોક્કસપણે પડે જ છે. સર્જક એક ચિકિત્સકનું કાર્ય કરે છે. તે સમાજનો એક સાચો મિત્ર પણ છે. તે નબળાઈઓ તરફ આંગળી ચીંધે છે.

સાહિત્યકાર સમાજમાં શ્વસે છે, રહે છે અને સમાજનાં મૂલ્યોને ઝીલે છે. માનવી એક પ્રાણી છે એ ન્યાયે સમાજનો એક ભાગ એવો સર્જક પોતાની કલ્પનાશક્તિ દ્વારા આ મૂલ્યોને સાહિત્યમાં ઉતારે છે. સાહિત્ય હંમેશાં સ્થળ અને કાળનાં સ્પંદનો ઝીલે છે. એમાં સમાજની સંસ્કૃતિ, રીતરિવાજો અને આર્થિક બાબતો વણાઈ જાય છે.

એ જ રીતે, સાંપ્રત સમયમાં રચાતા સાહિત્ય માં સમાજમાં વધેલી હિંસા, રાજકારણમાં વધેલી ગંદકી, સંબંધોના આવિષ્કાર સ્પષ્ટપણે દેખાય છે. કલા એ ઉપદેશ માટેનું સાધન નહીં, પણ જીવનના આનંદ માટેનું સર્જન છે. સાહિત્યનો સમાજ સાથેનો નાતો હોવો જોઈએ તેનાં ઉત્તમ ઉદાહરણો પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ઝવેરચંદ મેઘાણી અને નારીવાદી-દલિત સાહિત્ય સર્જકોનાં સાહિત્ય પૂરાં પાડે છે. દા.ત. 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'સોરઠ તારાં વહેતાં પાણી', 'ગ્રામલક્ષ્મી' અને 'અમે ઈડરિયો ગઢ જીત્યા રે' જેવી કૃતિઓમાં ભારોભાર સમાજનું જીવંત ભૂતશાસ્ત્ર નિરૂપાયું છે. એ જ અર્થમાં કે સાહિત્ય સમાજને કલ્યાણના માર્ગે વાળવામાં ઉપકારક છે એમ કહેવું વધુ યોગ્ય રહેશે. સમાજ પણ સાહિત્યથી પ્રભાવિત થાય છે. સામાજિક સુધારા, રાષ્ટ્રીય ભાવના, ધાર્મિક ભાવના, રાજકીય વિચારસરણીઓ વગેરે સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે.

**સંદર્ભ :**


૧. સાહિત્ય અને સમાજ-વિદ્યુત જોશી-પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
૨. સાહિત્યનું સમાજશાસ્ત્ર-ભરત મહેતા-અધીત પાંત્રીસ
૩. સાહિત્યાલેખ-જશવંત શેખડીવાળા
૪. સાહિત્ય અને સમાજ-વિદ્યુત જોશી-અનડા બુક પ્રકાશન, અમદાવાદ આવૃત્તિ-૨૦૧૪
૫. ગ્રામીણ આદિવાસી સમાજમાં આવેલ પરિવર્તન-સતીષ ગામિત-શબ્દ સાધના પ્રકાશન, જૂનાગઢ આવૃત્તિ-૨૦૧૫
૬. તરસ્યા મલકનો મેઘ-મણિલાલ પટેલ-ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
૭. સાહિત્ય:સમાજશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસ સંદર્ભે-નરેશ શુક્લ-ફ્લેમિંગો પબ્લિકેશન, અમદાવાદ


---


શિક્ષકશ્રી, ગુજરાતી વિભાગ
શ્રીમતી સાસુ-વહુ વાલાણી ઉ.બુ.વિદ્યામંદિર, રાજપુર
મુ.રાજપુર, પો.નાથપુરા, તા.કાંકરેજ,
જિ.બનાસકાંઠા-૩૮૫૫૫૫ (મો) ૯૪૨૭૫૧૨૧૯૧
Email- pravinvajir@gmail.com mailto:pravinvajir@gmail.com>

|| વૈશ્વિક ||

## ભારત-અમેરિકા વેપાર યુદ્ધ આર્થિક અને ભૌગોલિક હિતો વચ્ચેનો સંઘર્ષ

**વિજયસિંહ ધંધુકિયા**

### ઉદારીકરણથી વેપાર યુદ્ધ :

વૈશ્વિક અર્થતંત્રના ઇતિહાસમાં વેપાર હંમેશાં આર્થિક વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ રહ્યું છે. પરિવહન ખર્ચમાં ઘટાડો અને વેપાર ઉદારીકરણની નીતિઓને કારણે વૈશ્વિક બજારો વધુ જોડાયા, જેના પરિણામે અનેક વિકાસશીલ દેશોએ નવી સમૃદ્ધિના માર્ગો શોધ્યા. વિશ્વ બેંકના ૨૦૨૦ ના અહેવાલ અનુસાર મુક્ત વેપારમાં એક ટકાનો વધારો થાય તો પ્રતિ વ્યક્તિ આવકમાં સરેરાશ ૦.૨ ટકાનો વધારો થાય છે. આ આંકડો દર્શાવે છે કે, વેપાર માત્ર આર્થિક પ્રવૃત્તિ જ નહીં પરંતુ જીવનધોરણમાં સુધારાનું મહત્ત્વપૂર્ણ સાધન છે.

પરંતુ આ જ વૈશ્વિકીકરણના યુગમાં દેશો વચ્ચેના હિતો અને નીતિભેદના કારણે વેપાર યુદ્ધો પણ ઉદ્ભવ્યા છે. ઐતિહાસિક રીતે ૧૭મી અને ૧૮મી સદીના વાણિજ્યવાદી યુગમાં યુરોપીય સત્તાઓએ પોતાના સોનાના ભંડાર વધારવા માટે આયાત પર ટેરિફ લાદ્યા. ૧૯૩૦ના સ્મૂટ-હૉલી ટેરિફથી વૈશ્વિક વેપાર ૬૬ ટકા ઘટ્યો, જેનાથી મહામંદી વધુ ગંભીર બની. ત્યારબાદ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી GATT અને WTO દ્વારા મુક્ત વેપારને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન થયો પરંતુ ૨૦૧૮ના યુએસ-ચીન વેપાર યુદ્ધે ફરીથી વિશ્વ અર્થતંત્રને અસ્થિર બનાવી દીધું.

આ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ભારત-અમેરિકા વેપારયુદ્ધ એક નવી દિશા દર્શાવે છે જ્યાં આર્થિક હિતો અને ભૌગોલિક રાજકારણ પરસ્પર ટકરાયા છે. અમેરિકાએ ભારતીય માલસામાન પર ૨૭ ઓગસ્ટ, ૨૦૨૫થી ૫૦ ટકા જેટલો ટેરિફ લાદ્યો છે, જેના કારણે ભારતના નિકાસ આધારિત ઉદ્યોગો ગંભીર સંકટમાંથી પસાર થઈ રહ્યા છે.

### GSP નો અંત અને ૨૦૨૪-૨૦૨૫ના ટેરિફ યુદ્ધની શરૂઆત

ભારત-અમેરિકા વેપાર તણાવની શરૂઆત ૨૦૧૯માં થઈ, જ્યારે અમેરિકાએ ભારતને મળતો જનરલાઇઝ્ડ સિસ્ટમ ઑફ પ્રેફરન્સ (GSP) દરજ્જો પાછો ખેંચી લીધો. GSP હેઠળ ભારતને જુદી જુદી વસ્તુઓના ઉત્પાદન પર કરમુક્ત પ્રવેશ મળતો હતો, જેનાથી નિકાસને સ્પર્ધાત્મક લાભ મળતો. ૫ જૂન ૨૦૧૯ના રોજ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે આ દરજ્જો રદ કર્યો અને ભારતની નિકાસ પર સીધી અસર પડી.

આ નિર્ણયનાં બે મુખ્ય કારણો દર્શાવવામાં આવ્યા. પ્રથમઃ અમેરિકા દાવો કરતું હતું કે ભારતે ડેરી ઉત્પાદનો અને મેડિકલ ઉપકરણો જેવા ક્ષેત્રોમાં “સમાન અને ન્યાય સંગત બજાર પ્રવેશ” પૂરો પાડ્યો નથી અને બીજું એ કે ભારતના ડેટા લોકલાઇઝેશન અને ઈ-કોમર્સ નિયમો અમેરિકન કંપનીઓ માટે અવરોધરૂપ બન્યા હતા. પરિણામે, કાપડ, ચામડા, જેમ્સ-જ્વેલરી અને કૃષિ ઉત્પાદનો જેવા ક્ષેત્રો ખાસ અસરગ્રસ્ત થયા. MSME ક્ષેત્ર જે આ નિકાસનું મુખ્ય આધાર હતું, તેમાં રોજગારી અને આવક બંનેમાં ઘટાડો થયો.

૨૦૧૯ના આ નિર્ણયે ભારત-અમેરિકા વચ્ચેના આર્થિક સંબંધોમાં વિવાદના નવા તબક્કાને જન્મ આપ્યો. ૨૦૨૪-૨૦૨૫માં આ વિવાદ વધુ ઊંડો થયો, જ્યારે અમેરિકાએ રશિયા પાસેથી ભારત દ્વારા સસ્તું ક્રૂડ ઓઇલ ખરીદવાનું ચાલુ રાખવા બદલ ભારતીય માલસામાન પર ૨૫% પેનલ્ટી ટેરિફ લાદ્યો. યુક્રેન યુદ્ધ પછી રશિયન તેલની ખરીદીમાં વૃદ્ધિ થતાં અમેરિકા માનતું હતું કે, ભારત રશિયાના યુદ્ધ પ્રયાસોને આર્થિક સહાય પૂરી પાડે છે, પરંતુ ભારતે સ્પષ્ટ કર્યું કે તેની નીતિ રાજકીય નહીં, પરંતુ રાષ્ટ્રીય હિત અને ઊર્જા સુરક્ષા પર આધારિત છે.

આ પગલાને કારણે ગુજરાત જેવા નિકાસલક્ષી રાજ્યો પર ગંભીર અસર પડી. હીરા, કાપડ અને


ISSN 0976-9609

રસાયણ ઉદ્યોગો જે અમેરિકન બજારમાં મોટો હિસ્સો ધરાવે છે ત્યાં નિકાસ ઘટી ગઈ. સુરતના હીરા ઉદ્યોગમાં નિકાસમાં ૧૫-૨૦ ટકા ઘટાડો નોંધાયો. જ્યારે કાપડ ઉદ્યોગ તુર્કી, વિયેતનામ અને મેક્સિકોના ઉત્પાદકો સામે સ્પર્ધામાં પાછળ પડ્યો. રસાયણ અને ફાર્મા ઉદ્યોગોમાં પણ સપ્લાય ચેઇનમાં વિક્ષેપ જોવા મળ્યો.

**ભૌગોલિક રાજકારણ, આત્મનિર્ભરતા અને ભવિષ્યના પડકારો :** આ વેપાર યુદ્ધ માત્ર આર્થિક નીતિઓનો વિવાદ નથી. તે ભૌગોલિક રાજકારણનું પ્રતિબિંબ છે. અમેરિકા ભારતને રશિયા અને ચીનથી દૂર રહેવા દબાણ કરે છે જ્યારે ભારત વ્યૂહાત્મક સ્વાયત્તતા (Strategic Autonomy)ના સિદ્ધાંત પર અડગ છે. ભારત તેની ૬૦ ટકા સૈન્ય સામગ્રી માટે રશિયા પર નિર્ભર છે અને અમેરિકાની ઇચ્છા છે કે ભારત આ નિર્ભરતા ઘટાડે. બીજી તરફ ક્વાડ (Quad) ગ્રુપ યુ.એસ., ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયા દ્વારા ચીનના વધતા પ્રભાવને રોકવાનો પ્રયાસ પણ ચાલી રહ્યો છે.

ટેરિફ યુદ્ધે ભારતના ઉદ્યોગો માટે આર્થિક અનિશ્ચિતતા ઊભી કરી છે. નિકાસના ઓર્ડરોમાં ઘટાડો, ફેક્ટરીઓ બંધ થવાનો ખતરો અને રોજગારી પર જોખમ જે તણાવના મુખ્ય પરિણામો છે. ખાસ કરીને ગુજરાતમાં જ્યાં સુરત અને અમદાવાદ જેવા શહેરો કાપડ અને હીરાના ઉદ્યોગોના કેન્દ્ર છે ત્યાં ઉત્પાદન ઘટ્યું અને હજારો કારીગરોની આજીવિકા જોખમમાં આવી ગઈ.

આ પડકારમાંથી બહાર આવવા માટે ભારત સરકારે આત્મનિર્ભરતા (Self-Reliance) અને સ્થાનિક ઉત્પાદન પર ભાર મૂક્યો છે. 'મેક ઇન ઇન્ડિયા' અને 'ઉત્પાદન આધારિત પ્રોત્સાહન' (PLI) યોજનાઓ દ્વારા નિકાસમાં વૈવિધ્ય લાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. સાથે જ દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા તણાવ ઘટાડવાનો પ્રયાસ પણ ચાલુ છે.

આજના સમયમાં વૈશ્વિક વેપાર ફક્ત આર્થિક લેવડદેવડનો ઉપાય નથી રહ્યો, પરંતુ તે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને આર્થિક શક્તિના સંતુલનનું પ્રતિબિંબ બની ગયો છે. વિશ્વના મોટા દેશો પોતાની આર્થિક નીતિઓ અને ટેરિફ જેવી નીતિગત વ્યવસ્થાઓને રાજકીય હથિયાર તરીકે ઉપયોગમાં લે છે. વેપાર યુદ્ધો હવે માત્ર નિકાસ-આયાતની નીતિઓનો વિવાદ નથી રહ્યા; તે ભૌગોલિક રાજકારણ, રાષ્ટ્રીય સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સંબંધોનું પ્રતિનિધિત્વ કરે છે. આ પરિસ્થિતિમાં ભારત માટે સૌથી મોટો પડકાર એ છે કે તે પોતાના રાષ્ટ્રીય હિતોને જાળવી રાખીને વૈશ્વિક બજારમાં પોતાની સ્પર્ધાત્મક અને રાજકીય સ્થિતિ મજબૂત બનાવે. ભારતે હંમેશાં વ્યૂહાત્મક સ્વાયત્તતા (Strategic Autonomy)ના સિદ્ધાંત પર આધાર રાખ્યો છે, જે અંતર્ગત તે કોઈ પણ મહાસત્તાના દબાણ વગર પોતાના રાષ્ટ્રીય હિતોના આધારે નીતિ નક્કી કરે છે.

ટેરિફ જેવા આર્થિક તણાવનો ઉકેલ ફક્ત દરોમાં ઘટાડો કરીને શક્ય નથી, કારણ કે મૂળ પ્રશ્ન વૈશ્વિક અર્થતંત્રમાં વિશ્વાસ અને સહકારનો અભાવ છે. આ માટે વૈશ્વિક સ્તરે નીતિ સંવાદ (Global Policy Dialogue), દ્વિપક્ષીય સમજૂતી (Bilateral Under standing) અને બહુપક્ષીય સહયોગ (Multilateral Cooperation) જરૂરી છે. WTO, G-20 અને BRICS જેવા મંચો પર સમાન અને ન્યાયસંગત વેપારના માળખા માટે સહમતિ જરૂરી છે. ભારત માટે આ સમય એ છે કે તે "આત્મનિર્ભરતા" અને "વૈશ્વિક સહયોગ" વચ્ચેનું સંતુલન જાળવે અને સ્થાનિક ઉત્પાદન વધારીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની નીતિગત શક્તિ મજબૂત કરે. જો દેશો સહયોગ અને પરસ્પર વિશ્વાસના માર્ગે આગળ વધે તો આંતરરાષ્ટ્રીય વેપાર ફરી એકવાર વિકાસ અને સમૃદ્ધિનું ચાલક બળ બની શકે છે.

---

આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ,
સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ

|| નવલકથા ||

## જૂનો સિક્કો

એકતા નીરવ દોશી

એને એક વિચિત્ર શોખ હતો. વારે તહેવારે ભેગા કરેલા જૂના સિક્કાઓની પેટી ખોલે. તાંબાની પાઈથી માંડી પચાસ પૈસા સુધીના સિક્કાઓ ફેલાવીને બેસે. પછી આજની તારીખે એન્ટિકમાં ગણાતા કયા સિક્કાની શું કિંમત આવે એની જાણકારી લે. જૂના સિક્કાઓની વધતી જતી કિંમતથી હરખાઈ જાય અને પછી ચોક્કસ કિંમતના સિક્કાને ઘસી, ઉજળો કરી, કોરા કપડાથી લૂછી પેટીમાં પાછો ભરી દે. આજે પણ એણે ઓફિસ જવાના સમય અગાઉ પેટી ખોલી, પ્રક્રિયા દોહરાવી અને ઘડિયાળમાં જોઈ પેટી પાછી મૂકી. ઉજળો કરતી વખતે એ સિક્કાને કહ્યું "તું હજુ વધારે જૂનો થઈ ગયો અને વધારે કિંમતી પણ" પછી તૈયાર થઈ પોતાને અરીસામાં જોઈ રહ્યો.

આજે એના રિટાયર થવાનો દિવસ. વર્ષો સુધી ભોગવેલા ઉચ્ચ હોદ્દાના સિંહાસનને છોડવાનો દિવસ. કાલથી એ સામાન્ય માણસ બની જવાનો હતો. "કલેકટર શ્રી પંચમ કુમાર", નામમાંથી કલેકટર અને શ્રી નામનાં બંને ફૂમતાં ખરી જવાનાં હતાં. થોડા સમય પછી કદાચ કુમાર પણ અને પછી પાછો.... ના, ના, હવે તો એ ઘણો મોટો માણસ થઈ ગયો છે. એણે ઘરની સામે આવેલી ઊંચી ટેકરી સામે જોયું. અત્યારે ઉનાળો હોવાથી સૂકી ભઠ્ઠ પડી ગયેલી ટેકરી ચોમાસા અને પછીના દિવસોમાં લાગતી હોય એનાંથી થોડી નીચી લાગતી હતી પણ એથી શું થઈ ગયું? સૂકી થઈ ગયા પછી પણ હતી તો ટેકરી જ ને!

"મનુ" નામ ઉપર એના કાન ચમક્યાં. એની પત્ની રસોડામાંથી હાથ લૂછતાં બહાર આવતી હતી.

"તને કેટલીવાર કહ્યું, ફકત મન કહીને બોલાવ. ટૂંકું ટચ, સીધું, સરળ નામ ગમતું નથી?" પંચમ ઉકળી પડ્યો. એની પત્નીને તો ઠીક ખુદ મનને પણ ક્યારેય સમજાતું નહીં, કે "પપ્પા ક્યારેય વહાલથી મનુ કે મનીયો કહી કેમ નહોતા બોલાવતા. એમને તો વહાલ નહોતું આવતું પણ મમ્મીને પણ વહાલથી બોલાવવામાં અકારણ જ ટોકતા." ઘરે જ્યારે દીકરો જન્મેલો ત્યારે પંચમનો એક જ આગ્રહ હતો નામ એવું હોવું જોઈએ જેને કોઈ બગાડી ન શકે. એનો પોતાના નામ માટે પણ એટલો જ આગ્રહ હતો. કોઈ ટૂંકું નામ નહીં.

રિટાયર થયા પછી એનું સિક્કાઓ પ્રત્યેનું વળગણ હજુ વધ્યું હતું. આખો દિવસ સિક્કાઓ પાછળને પાછળ. હવે તો એન્ટિક શોપ ઉપર પણ જઈ રૂબરૂ કિંમત કઢાવી આવતો અને હરખાતો.

"પંચમજી, તમારા માટે ગામથી કૉલ છે." પત્નીના અવાજ ઉપર એ ચમક્યો.

"હા, હા, ભલે! ચોક્કસ આવીશ." એ દિવસે એ કાયમ કરતાં વધારે ચમકતો હતો. વર્ષો પછી ગામમાં પગ મૂકતાં જ યાદોની વડવાઈ એને ઝુલાવવા લાગી. ઘણું બધુ બદલાઈ ગયું હતું, છતાંય રસ્તા જાણીતા હતા. ઘણાં નવાં મકાનો હોવા છતાં ગામ હજુ એવું જ ધૂળિયું. ગાડીની બહાર પગ મૂકતાં જ વંટોળ સાથે ધૂળ પંચમની આંખોમાં ભરાઈ,

"પંચું પાંચિયું, પંચું પાંચિયું" છ સાત વર્ષના થોડાક છોકરાઓ એની આસપાસ કુંડાળું બનાવી હસતા હતા.

"મારું નામ પંચમ છે." રાડ પડતાં એણે એક છોકરાને ખેંચીને પછાડ્યો પછી તો ધૂળમાં રગદોળાઈ ગયેલો પંચમ ત્રણચાર છોકરાઓ સાથે બાથમબાથીએ આવી ગયેલો. મોટી ભૂરી આંખો ગુસ્સા અને દુઃખ મિશ્રિત લાગણીઓનાં પાણીથી ભરાઈ ગઈ હતી. ગાલ પર રેલાયેલા આંસુને કારણે એનો મેલો ચહેરો વધારે મેલો લાગતો હતો. એના વાળ તો વિંખાઈ જ ગયા હતા પણ એણે ય બીજાને પિંખવામાં કાંઈ બાકી નહોતું રાખ્યું. સામાન્ય બાંધાનો પંચમ એકલા હાથે બધાને પહોંચી વળતો. એક વધુ નામ મળતું "ભારાડી

 ISSN 0976-9609

પંચુ". બધાને ચૂપ કરી, ઘરે પહોચ્યો ત્યારે શર્ટનાં બે બટન તૂટી ગયાં હતાં.

પંચમ કુમારે અત્યારે પોતાના શર્ટનાં બટન બરોબર ચેક કર્યાં. રૂમાલથી ચહેરો સાફ કર્યો. સફેદ રૂમાલ આખો મટમેલો થઈ ગયો.

"પંચમભાઈ, કેમ છો?" ગામમાં આંટો મારવા નીકળેલા પંચમને એનાથી જરાક નાનામોટા ગામનાં લોકો માનથી બોલાવી રહ્યા હતા. દરેક સંબોધને એ ખિસ્સામાં રહેલા એક સિક્કા ઉપર હાથ ફેરવી લેતો એ પોતાના જૂના ઘરના ઉંબરે પહોંચ્યો.

"અરે, પાછો શું કરી આવ્યો? તારા તોફાન તો દિવસે દિવસે ઘટવાની બદલે વધતા જાય છે. રોજ કોઈકને કોઈકના માબાપ ફરિયાદ લઈને આવે છે." કાકીએ ઘરમાં ઘૂસતાંવેંત પોંખ્યો હતો. એણે કાકી સામે ફરિયાદી બનવાની કોશિશ પણ નહોતી કરી. દીવાલ ઉપર હાર પહેરેલી, હાર્મોનિયમ સાથેની પપ્પાની છબી સામે દાંત ભીંસી બબડાટ કરી, મમ્મી પાસે પહોંચી ગયો હતો.

"હાય, હાય શું થયું મારા દીકરાને? કોણે માર્યું મારા પંચુને." મમ્મી નહાવા બેસાડતી બોલી.

"મમ્મી, બસ કર! પંચું, પંચું, પંચું. એક તો સંગીતજ્ઞ ભીખાલાલ એવું તો નામ પાડીને ગયા છે.. પંચમ. કોઈને મતલબ તો સમજાય નહીં, ઉપરથી ભીખાભાઈનું પાંચીયું બોલીને ખીજવ્યા કરે. તું તો પંચમ બોલાવ." એણે મમ્મીનાં હાથમાંથી ટુવાલ ખેંચ્યો. "હવે હું મોટો થઈ ગયો છું. જાતે નાહીશ." બોલી જોરથી બારણું પછાડી બાથરૂમમાં ભરાઈ ગયો હતો.

"અલ્યા, પણ તારા પપ્પાને કાંઈ ન સૂઝ્યું કે તારું નામ પંચું પાડ્યું? હવે તો કોઈ પાવલી કે આઠ આનીને પણ પૂછતું નથી. ત્યારે પાંચિયું?" એકવાર ઘરે આવી ચડેલા નિશાળના એક છોકરાએ કાકી અને મમ્મીના મોઢે પંચું સાંભળ્યું. બસ, ત્યારથી સ્કૂલમાં બધાને આ એક જ કામ.

ભીખાભાઈ ગામના સંગીત શિક્ષક હતા, બધાના માનીતા પણ તેમ છતાંય એ પણ પોતાના નામથી બહુ થાકેલા હતા એટલે નક્કી કરેલું, કે એના બાળકોના નામ એવા પાડશે જેના મતલબ ખૂબ સુંદર હોય, લગ્નના પાંચ વર્ષ પછી રાહ જોવડાવી જ્યારે દીકરો જન્મ્યો ત્યારે પાંચ વર્ષ અને સંગીતના પાંચમા સૂરનું નામ લઈને સુંદર નામ આપ્યું "પંચમ". પંચમના અવાજમાં પપ્પા સાંભળે એ અગાઉ તો ભીખાભાઈ ફોટોફ્રેમ બની ગયા હતા.

પપ્પાનું આપેલું "પંચમ ભીખાભાઈ જાઘડ" ખાલી હાજરીપત્રકનું નામ હતું. બાકી તો પંચું પાંચિયું. ભીખાભાઈનું ...રોજ બધા સાથે ઝગડો થતો એટલે જાઘડિયું પાંચ... બાલદીમાં પાણી ભરાતું હતું. "મોટો થઈશ એટલે બધાને બતાવીશ. મારું નામ પંચમ છે, પંચું કે પાંચિયું નહીં. બહારના સાથે તો ઝઘડો કરી લેવાય પણ મામા, ફુવા, કાકા, માસી, ગામના વડીલો જે જુવો એ પંચું કહીને બોલાવે. આ બધા મોટાને શું કહેવાનું?" એ ગુસ્સામાં પોતાના ઉપર પાણી ઠાલવ્યા કરતો હતો.

પંચમકુમારે પોતાના ઘરનો આંટો માર્યો અને ફળિયામાં જઈ પાછળની ટાંકીએ જઈ પગ ધોયા અને પાણીનો નળ બંધ કર્યો. હજું પણ ક્યાંક ક્યાંક વડીલોનું મીઠું પંચુ પડઘાતું હતું.

આમ તો એનેય બધાના મોઢે પંચું સાંભળવાની આદત પડી ગઈ હતી, પંચું મીઠું લાગતું પણ ગમે ત્યારે ગમે ત્યાં, પંચું પાંચિયું? ઋતુઓ બદલાતી, દિવસો બદલાતા, સમયચક્ર ફરતું પણ પંચમની કિંમત પાંચિયાથી આગળ વધતી નહોતી. પોતાના નામથી ત્રાસેલો પંચમ બધાથી દૂર રહેતો થઈ ગયો હતો. કોઈ પંચું કહીને બોલાવે તો જવાબ આપવાનું બંધ કરી દીધેલું. ચિડાઈ ચિડાઈને કંટાળેલો અને મારામારીથી થાકેલો પંચમ અંતર્મુખી થતો ગયેલો, ભણવામાં પહેલો આવતો તો વળી રમતગમતમાં પણ કાઠું કાઢી રહ્યો હતો.

"કાકા, મારે હોસ્ટેલમાં ભણવા જવું છે." પંચમે સાતમા ધોરણની પરીક્ષા આપીને કહી દીધું હતું.

"પણ કેમ પંચું?" મોટાભાઈના દીકરાને આમ હોસ્ટેલમાં મૂકવો? ગામના શું કહેશે? એ ઘર બહાર રહી શકશે? આ બધા ડરે કાકા અચકાયા.

"બસ, આ જ કારણ.. પંચું.. આ નામથી પીછો છોડાવવા." કાકાના હેતાળ અવાજમાં પણ પંચમ ગુસ્સે થઈ ગયો, એની પાછળ કાલે જ દબાયેલી અવાજમાં થયેલી મજાક હતી,

"પેલો મને ગમે છે." એક મખમલી અવાજે ધીમેકથી કહેલું.

"કોણ? ભીખાભાઈનું પાંચિયું?" બીજા ગુલાબી ચહેરાએ ખિખિયાટા કરેલા. અને પંચમે પોતાની કિંમત દુનિયા સામે સાબિત કરવાનું નક્કી કરી લીધું.

ઘરેથી બીજા રૂપિયાની સાથે પાંચિયાનો એક સિક્કો લઈને નીકળેલો. પછી તો જ્યાંથી મળે ત્યાંથી જાત જાતના સિક્કાઓ ભેગા કરતો રહેતો. પણ પાંચિયાનો સિક્કો એક જ રાખેલો.

નાના ગામથી નીકળી મોટા શહેરના આવેલો પંચમ થોડા સમયમાં જ સમરસ થઈ ગયો. પંચુ નામ તો ભૂંસ્યું પણ પંચમ નામ પાછળથી પિતાનું નામ અને અટક પણ ધીરે ધીરે ટૂંકાં થતાં ગયાં. "પંચમ બી. જે." અને પછી ફક્ત "પંચમ" એની ઓળખ બની ગયું હતું.

"કોનું કામ છે?"

"પંચુંપંચમના ઘરેથી આવ્યા છીએ." હોસ્ટેલમાં મળવા આવતા મમ્મી અને કાકા પણ એને પંચમ બોલાવતા થઈ ગયા હતા.

"યાર, પંચમ તારું કોઈ ટુંકું નામ કરીએ? જેમ કે પીજે, પેમ, પંચ. કોલેજમાં એક મિત્રે પૂછેલું.

"મારું નામ પંચમ છે. છે જ ટૂંકું, એને શું ટૂંકું કરવાનું! મારા પપ્પાએ આટલું સરસ નામ આપ્યું છે. પંચમ મને બહુ ગમે છે. સો પ્લીઝ" કાનમાં કોઈક હળવેથી બોલી જતું "પંચું પાંચિયું"

પણ વર્ષો વીતતા ગયા અને પંચમ, પંચમ કુમાર, કલેક્ટર શ્રી પંચમકુમાર. કાકા ગયા પછી તો મમ્મી અને કાકી પણ શહેરમાં રહેવા આવી ગયેલાં. ગામ સાથે સંબંધ સાવ કપાઈ ગયો સાથે નામ પણ ગયું "પંચું પાંચિયું". છતાં સિક્કાઓ સાચવવા અને ખાસ કરી પાંચિયાની કિંમત જોતી રહેવી, એક આદત બની ગયું હતું. અત્યારે એની પાસે જે સિકકા હતા એની કિંમત લાખોમાં હતી.

આજે નક્કી કરીને આવેલો કે કોઈ તો "પંચું પાંચિયુ" કહીને બોલાવે, બતાવી દઉં. કિંમત મારી પણ અને પાંચિયાનાં સિક્કાની પણ. એણે ફરી ખિસ્સામાં રહેલા સિક્કા ઉપર હાથ ફેરવ્યો. પરંતુ ગામમાં જે કોઈ પણ મળતું એક માનભરી નજરે જોતું.

એણે શાળાનાં ચોગાનમાં પગ મૂક્યો. આખી શાળા ઉપર નજર ફેરવી. એ ગ્રાઉન્ડમાં અનેકવાર ભજવાયેલું દૃશ્ય ધૂંધળું પડી ગયું.

"આજે આપણા શાળાના ગૌરવસમા શ્રી પંચમ કુમાર આપણી વચ્ચે પધાર્યા છે. જેમણે અહીં પ્રાથમિક અભ્યાસ કર્યો અને આગળ વધી અમદાવાદના કલેક્ટર બની આપણા ગામનું નામ ઉજાળ્યું છે. એમના વ્યસ્ત સમય દરમિયાન તો અહીં આવી ન શક્યા, પણ આજે આપણા શાળાના વાર્ષિક મહોત્સવમાં પધાર્યા છે." પ્રિન્સિપાલ તરીકે પેલો મખમલી અવાજ એમનું સ્વાગત વક્તવ્ય આપતો હતો. એણે ઊભા થઈ બધાની સામે સસ્મિત હાથ જોડ્યા. બધા વિદ્યાર્થીઓ એની સામે અહોભાવથી જોતા હતા. એણે પોતાના કોલર જરાક કડક કર્યાં. એક વખતે એને ચીડવતા ચહેરાઓને એની સામે હાથ જોડતા જોઈ પરમ સંતોષની લહેરખી એના રોમ

 ISSN 0976-9609

રોમમાં ઠંડક પહોંચાડી ગઈ.

હારતોરા, ફૂલ અને વખાણ વચ્ચે એના કાન તો "પંચું પાંચિયું" સાંભળવાની રાહમાં સરવા થઈને બેઠા હતા. એક વખત બસ એક વખત, કોઈ બોલે તો આ પાંચિયાંની કિંમત સમજાવી દઉં. એનો હાથ ફરી ખિસ્સા તરફ લંબાયો.

"ઓળખાણ પડી કે?" કમરેથી સહેજ વાંકોવળી ગયેલો, વાળે સફેદી ઓઢીને ઊભેલા એક માણસે એને બોલાવ્યો.

"કોણ? મદન? મદનિયું?" એણે હાથે કરીને ચીડવવા નામ લીધું.

"ઓહો, સાહેબ બન્યા પછી પણ તમે અમને ભૂલ્યા નથી, પંચમભાઈ!" મદન રાજી થતો જાણે બધાને કહેવા દોડ્યો. પંચમ એના સંબોધનથી અવાચક હતો પણ એને થયું હવે તો બીજા પણ આવશે, એ કોઈક તોએ ખિસ્સામાં હાથ નાંખી ઊભો રહ્યો. પાંચેક મિનિટ રાહ જોયા પછી થોડી નિરાશા સાથે એ પાછો જતો હતો. કાર ખોલીને બેસવા ગયો ત્યાં જ

"ઓ પંચું." પાછળથી અવાજ આવ્યો, એ પાછો ફર્યો. બોલાવનારને ઉમળકાભેર ભેટી પડ્યો. ખિસ્સામાં પડેલું પાંચિયું પોતાના વારાની રાહ જોતું વધારે ચમકતું હતું.

અમદાવાદ (મો) ૭૨૨૮૮ ૮૮૫૭૦

## ॥ વિદ્યાવૃત્ત ॥


### આઈસ્ટાર કોલેજના ફેકલ્ટી વિશ્વના ટોચના ૨ % વૈજ્ઞાનિકોમાં સ્થાન પામ્યા

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની સંસ્થા આઈસ્ટાર કોલેજના ઓર્ગેનિક કેમિસ્ટ્રીના ફેકલ્ટી ડૉ. રોહિત વેકરિયાને કેમિસ્ટ્રીમાં સંશોધનક્ષેત્રે તેઓના ઉત્તમ યોગદાન બદલ સ્ટેનફોર્ડ તથા એલ્સેવીર ડેટાબેઝના આધારે વિશ્વના ટોચના ૨% વૈજ્ઞાનિકોમાં સ્થાન પામીને યુનિવર્સિટી તેમજ સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. તેઓ ૨૦૧૮ થી આઈસ્ટાર સંસ્થામાં અધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે. ડૉ. વેકરિયા સંશોધન પ્રકાશનોના સંદર્ભે ૨૮૫૮ citations, ૨૩ h-index અને ૩૮ i10-index ધરાવે છે. ડૉ. રોહિતે ૨૦૧૪ માં આયોનિક લિક્વિડ્સ વિષય પર સંશોધન કરીને સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પીએચડીની ઉપાધિ મેળવી હતી, જે ગ્રીન કેમિસ્ટ્રી અને સસ્ટેઈનેબલ ટેક્નોલોજી માટે મહત્ત્વપૂર્ણ છે. પોસ્ટ-ડોક્ટરલ સંશોધન માટે તેઓએ ચીનની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે Fuzhou University ખાતે Isomerization of Olefins (૨૦૧૫-૧૬), તેમજ Shanghai Jiao Tong University ખાતે Flexible Electrode Materials for Supercapacitor (૨૦૧૭-૧૮) જેવા મહત્ત્વના વિષયો પર સંશોધન હાથ ધર્યું હતું. હાલમાં, ડૉ.વેકરિયા UGC-DAE-CSR દ્વારા અનુદાનિત ત્રિવર્ષીય સંશોધન પ્રોજેક્ટ "Dissimilar Self-Assembly of Fluoro and Hydrocarbon-Based Di-block Copolymers in Solution"માં મુખ્ય સંશોધક તરીકે નેતૃત્વ કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ માટે તેઓને રૂ.૧.૩૫ લાખનું અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ સંશોધન નેનો ઉપકરણો અને સ્માર્ટ કોટિંગ્સ માટે ઉપયોગી એવી નવીનતમ પોલિમર સિસ્ટમને અન્વેષે છે. વધુમાં, ડૉ.રોહિત ત્રણ વિદ્યાર્થીઓને પીએચડી માટે પણ માર્ગદર્શન આપી રહ્યા છે. વૈશ્વિક સ્તરે ગૌરવપ્રદ સિદ્ધિ હાંસિલ કરવા બદલ સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.એમ.એમ.રાજ, કોલેજ કો-ઓર્ડિનેટર ડૉ.જીગર પટેલ તથા તમામ ફેકલ્ટીએ ડૉ.વેકરિયાને વૈજ્ઞાનિક અભ્યાસ અને વૈશ્વિક સંશોધન સમુદાયમાં યોગદાન બદલ હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

|| પ્રાસંગિક ||

## વિશ્વ વિદ્યાર્થી દિવસ

**મિહિર એમ. વોરા**



મિત્રો દર વર્ષે ૧૫મી ઓક્ટોબરે ભારત સહિત સમગ્ર વિશ્વમાં વિશ્વ વિદ્યાર્થી દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.અવુલ પાકિર જૈનુલાબ્દીન અબ્દુલ કલામની જન્મ-જયંતિની યાદમાં ઉજવવામાં આવે છે.

યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (UNO) એ ડૉ.અબ્દુલ કલામના જીવન અને કાર્યની યાદમાં ૨૦૧૦ માં ૧૫ ઓક્ટોબરને 'વિશ્વ વિદ્યાર્થી દિવસ' તરીકે જાહેર કર્યો હતો. ડો.એ.પી.જે. અબ્દુલ કલામની ભૂમિકા અને શિક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તેમને ભણાવવાનો એટલો શોખ હતો કે ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ તરીકે પદ છોડ્યા પછી બીજા જ દિવસે તેઓ શિક્ષણમાં પાછા ફર્યા.

તેમણે નવેમ્બર ૨૦૦૧થી અન્ના યુનિવર્સિટી ચેન્નાઈમાં પ્રોફેસર તરીકે સક્રિય રીતે કામ કર્યું. ડૉ. કલામ માનતા હતા કે શિક્ષકની ભૂમિકા ચારિત્ર્ય, માનવીય ગુણોનું નિર્માણ, ટેક્નોલોજી દ્વારા બાળકોની શીખવાની ક્ષમતા વધારવી અને નવીન અને સર્જનાત્મક બનવાનો આત્મવિશ્વાસ કેળવવો જોઈએ જે તેમને ભવિષ્યમાં સ્પર્ધાત્મક બનવામાં મદદ કરશે.

તાજેતરના સમયમાં વિદ્યાર્થીઓમાં આત્મ-હત્યાના વધતા જતા કિસ્સાઓને ધ્યાનમાં રાખીને આ થીમ એકદમ યોગ્ય છે. આ વિષય ભારત સરકાર હેઠળના શિક્ષણ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. ડૉ. કલામે હંમેશા તેમના વિદ્યાર્થીઓને પોતાના શ્રેષ્ઠ સંસ્કરણ બનવા માટે પ્રોત્સાહિત કર્યા. ડૉ. કલામ ઇચ્છતા હતા કે વિશ્વ તેમને એક શિક્ષક તરીકે યાદ કરે.

પ્રમુખ તરીકે, તેઓ વિદ્યાર્થીઓ, બાળકો અને શિક્ષકો દ્વારા સમાન રીતે સન્માનિત હતા. તેમને સંવાદ કરવામાં અને નવા વિચારો સાંભળવામાં આનંદ આવતો હતો. તેમના પ્રસિદ્ધ વાક્ય 'ટુ ડ્રીમ યુ મસ્ટ હેવ એ ડ્રીમ' એ યુવા પેઢીને તેમના જુસ્સાને અનુસરવા માટે પ્રેરણા આપી. તેમનાં મંતવ્યો અને લાગણીઓ વ્યાપકપણે રાખવામાં આવે છે.

કલામની સિદ્ધાંતો અને વિચારો પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમની ફરજોની મર્યાદાઓથી આગળ વધી ગઈ હતી, તેથી જ તેમના જન્મદિવસને વિશ્વ વિદ્યાર્થી દિવસ તરીકે ઓળખવો યોગ્ય છે. ડૉ.અબ્દુલ કલામનો જન્મ ૧૫મી ઑક્ટોબર, ૧૯૩૧ના રોજ ભારતના પમ્બન ટાપુ પર રામેશ્વરમ્‌ના તીર્થસ્થળમાં એક તમિલ મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેઓ 'સેન્ટ જોસેફ કોલેજ'માંથી ભૌતિકશાસ્ત્રમાં સ્નાતક થયા હતા. તે પછી, તેમણે મદ્રાસમાં 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી' માં એરોનોટિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો અને 'ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેઈઝેશનની એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ'માં જોડાયા. તેમની કારકિર્દી ખૂબ જ પ્રેરણાદાયક હતી અને એક વૈજ્ઞાનિક તરીકે ખૂબ જ ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. તેઓ ૯૦ના દાયકામાં ભારતના સૌથી પ્રખ્યાત પરમાણુ વૈજ્ઞાનિક હતા. કલામના કાર્યો અને સિદ્ધિઓ ડો.એ. પી.જે. અબ્દુલ કલામ ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ (૨૦૦૨-૨૦૦૭) હતા. તેમનું લક્ષ્ય ૨૦૨૦ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાનું હતું.

- ★ તેમના પાંચ વર્ષના કાર્યકાળમાં તેમને ઘણો પ્રેમ મળ્યો.
- ★ તેમની સરળતા અને સાદગીને કારણે તેઓ પ્રેમપૂર્વક 'પીપલ્સ પ્રેસિડેન્ટ' તરીકે ઓળખાવા લાગ્યા.
- ★ ડૉ.કલામને જીવનભર અનેક પુરસ્કારોથી સન્માનિત

 ISSN 0976-9609

કરવામાં આવ્યા હતા.

★ ડૉ. કલામને ૩૦ યુનિવર્સિટીઓ અને જાણીતી સંસ્થાઓ તરફથી માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી.

★ તેમને ૧૯૮૧માં 'પદ્મ ભૂષણ' અને ૧૯૯૦માં 'પદ્મ વિભૂષણ'થી નવાજવામાં આવ્યા હતા.

તેમના સંશોધન કાર્ય માટે તેમને 'ભારત રત્ન' (૧૯૯૭) થી પણ નવાજવામાં આવ્યા હતા. તેમણે તેમના જીવનકાળ દરમિયાન ઘણા પુસ્તકો લખ્યા, જેમાંથી 'વિંગ્સ ઓફ ફાયર', 'માય જર્ની', 'ઇગ્નાઈટેડ માઇન્ડ્સ' મુખ્ય પુસ્તકો છે. તેમના દ્વારા લખાયેલા પુસ્તકોનો અનેક ભારતીય અને વિદેશી ભાષાઓમાં અનુવાદ થયો હતો.

ડો.એ.પી.જે. અબ્દુલ કલામે ૧૯૯૮માં સફળ 'પોખરણ-II પરમાણુ પરીક્ષણ' માં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, તેમના નેતૃત્વમાં ભારતના મિસાઈલ સંરક્ષણ કાર્યક્રમે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી હતી. જેના માટે તેમને 'મિસાઇલ મેન ઓફ ઇન્ડિયા' તરીકે ઓળખવામાં આવ્યા હતા.

ડૉ. કલામ જુલાઈ ૧૯૯૨થી ડિસેમ્બર ૧૯૯૯ સુધી કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન અને સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવના વૈજ્ઞાનિક સલાહકાર હતા.

આ પછી, નવેમ્બર ૧૯૯૯ થી નવેમ્બર ૨૦૦૧ સુધી, તેઓ ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર હતા. આ સમયગાળા દરમિયાન તેમને કેબિનેટ મંત્રીનો દરજ્જો મળ્યો હતો.

---

**સંદર્ભ :** વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી.

---

**મોજાં મારી પ્રેરણા છે કારણ તેઓ પાછાં પડે છે અને ઊઠે છે અને પાછા પડવા છતાં તેઓ ફરી ઊઠવામાં નિષ્ફળ જતાં નથી.**

**જો તમે સૂર્યની જેમ ચમકવા માગતા હો,**
**તો તમારે પહેલાં સૂર્યની માફક બળતા પણ રહેવું પડશે.**

**એક સારું પુસ્તક એક હજાર મિત્રો બરાબર છે.**
**જ્યારે એક સારો મિત્ર આખા ગ્રંથાલય સમાન છે.**

**- ડો.એ.પી.જે.અબ્દુલ કલામ**

## || સમાજિક ||

## તરુણો અને વ્યસન

**બી.એમ.પરમાર**

રોજબરોજના જીવનમાં તરુણો ઘણીબધી સમસ્યાઓનો ભોગ બની રહ્યા છે. તરુણાવસ્થા જીવનનો એવો સમય છે જ્યાં શારીરિક, માનસિક અને સામાજિક પરિવર્તનો ઝડપથી થાય છે. આ પરિવર્તનોને કારણે તરુણો સહેલાઈથી પ્રભાવિત થઈ જાય છે અને ઘણીવાર વ્યસન જેવી સમસ્યાઓ તરફ વળે છે. જેના અંગે ડૉ.બી.એમ.પરમાર (પ્રિન્સિપાલ નલિની અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટસ કોલેજ) દ્વારા એક સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં કુલ ૬૮૦ વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. જેમાં ૬૬.૨૦% વિદ્યાર્થીઓ અને ૩૩.૮૦% વિદ્યાર્થિનીઓ હતી. આ સર્વેમાં ૧૬.૨૦% ધોરણ ૮, ૨૦.૬૦% ધોરણ ૯, ૩૩.૮૦%- ધોરણ ૧૦, ૧૩.૨૦% ધોરણ ૧૧ અને ૧૬.૨૦% ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ હતા. આ સર્વેમાં ૧૩-૧૫ વર્ષના ૭૦.૬૦% અને ૧૬-૧૮ વર્ષના ૨૯.૪૦% વિદ્યાર્થીઓ હતા. આ સર્વેના તારણો નીચે મુજબ છે.

- આપ દિવસ દરમિયાન ખર્ચના પૈસા ક્યાંથી લાવો છો? આ પ્રશ્નના ૮૯.૭૦% વિદ્યાર્થીઓ પરિવારના સભ્યો પાસેથી, ૮.૮૦% વિદ્યાર્થીઓ મિત્રો પાસેથી અને ૧.૫૦% વિદ્યાર્થીઓ ઓનલાઈન ગેઈમ દ્વારા પૈસાની વ્યવસ્થા કરે છે.
- શું આપને કોઈ આદત છે ? આ પ્રશ્નના જવાબમાં ૪૧.૨૦ વિદ્યાર્થીઓએ હા કહી, ૧૮.૨૦% એ તટસ્થ અને ૪૦.૬૦% એ ના કહી.
- કોઈ વ્યક્તિ વ્યસન કરતી વ્યક્તિને જોઈને તમને શું લાગે? ૫૬.૨૦ એ હા કહી અને ૪૩.૮૦% એ નથી ગમતું જણાવ્યું.
- તમારા પરિવારમાં કોઈ વ્યસન કરે છે? આ પ્રશ્નના જવાબમાં ૭૨.૧૦% વિદ્યાર્થીઓએ હા કહી અને ૨૭.૯૦% વિદ્યાર્થીઓએ ના કહી.
- વ્યસન થવાનું મુખ્ય કારણ કયું છે? ૧૦.૩૦% એ પરિવારનો પ્રેમ ન મળવો, ૧૯.૧૦%એ મિત્રોના લીધે, ૫.૯% પરિવારના સભ્યોને જોઈને, ૧૧.૮૦% સોશિયલ મીડિયા, ૮.૮૦% વેબ સીરિજ / મુવી / સીરિયલ, ૪.૪૦% શોખથી અને ૩૯.૭૦% અન્ય કારણો જણાવ્યા.
- શું વ્યસનના કારણે સ્ટેટસમાં વધારો થાય છે? ૫૮.૨૦% વિદ્યાર્થીઓએ હા જણાવી અને ૪૧.૮૦% એ ના કહી.
- નીચેમાંથી કયું "વ્યસન" તમને ગમે છે? ૫.૭૦% એ દારુ, ૨૧.૩૦% ઇલેક્ટ્રિક સિગારેટ કે ધુમ્રપાન, ૧૬.૮૦% ઈન્ટરનેટ કે મોબાઈલ, ૪.૨૦% નશીલા પદાર્થો, ૭.૪૦% એ તંબાકુ અને ૪૪.૬૦% વિદ્યાર્થીઓએ જણાવ્યું કે અમને કોઈ વ્યસન ગમતું નથી.
- વ્યસન તમે શા માટે કરો છો? આ પ્રશ્નના જવાબમાં ૧૬.૭૦% એ જણાવ્યું કે અભ્યાસમાં રસ વધે છે, ૧૨.૨૦% યાદશક્તિ મજબૂત થાય છે, ૧૪.૪૦% એ એકાગ્રતા વધે છે, ૯.૬૦ શૈક્ષણિક સફળતા મળે છે અને ૪૬.૯૦% જણાવ્યું કે હું વ્યસન કરતો નથી.
- વ્યસનની લત વધારવામાં સૌથી વધુ જવાબદાર કોણ છે ? ૨૦.૩૦%એ મિત્રો, ૩.૬૦% એ શાળા, ૬.૩૦%એ બજાર, ૭.૫૦% દુકાનદાર અને ૧૮.૩૦%એ આપણે ખુદ વ્યસન માટે જવાબદાર છીએ તેવું જણાવ્યું.
- વ્યસનથી કયું નુકસાન થાય છે ? ૮૨.૪૦% વિદ્યાર્થીઓએ જણાવ્યું કે વ્યસનથી ઊંઘમાં ખલેલ, દૃષ્ટિ પર અસર, સામાજિક એકલતા અને ચીડિયો સ્વભાવ બને છે. ૧૭.૬૦% એ કોઈ અસર થતી નથી તેવું જણાવ્યું.


ISSN 0976-9609

- વ્યસન કયા પ્રકારની સમસ્યા છે ? ૧૩.૨૦% એ શારીરિક, 30.૯0% એ માનસિક, ૧.૪% એ શૈક્ષણિક અને ૫૪.૪0% એ જણાવ્યું કે શારીરિક, માનસિક અને શૈક્ષણિક ત્રણેય પ્રકારની સમસ્યા છે.
- વ્યસન માટેના પૈસાની વ્યવસ્થા ક્યાંથી કરો છો? ૧૫.૨૦% એ મિત્રો, ૧૮.૮0% પરિવારના સભ્યો, ૬.૭0% કોઈ વિના મુલ્યે વ્યસન કરાવે છે, ૧0.30% ઓનલાઈન કમાણી, ૩.૭0% ચોરી, ૨.00% ઘરનો સામાન વેચીને અને ૪૩.30%એ જણાવ્યું કે હું વ્યસન કરતો નથી.
- વ્યસન માટેની વસ્તુઓ ક્યાંથી લાવો છો? ૧૮.૧0% મિત્રો, ૧૨.૬0% ઘરના સભ્યો, ૧૪.૮0% દુકાનદાર, ૧0.૭0% એ સગાસબંધીઓ અને ૪૩.૮0% જણાવ્યું કે હું વ્યસન કરતો નથી.
- જો તમે વ્યસન કરો છો તો તમને લાગે છે કે તેને છોડી શકાય ? ૮૬.૮0% એ ના કહી, ૭.૪0% એ છોડી શકાતું નથી તેવું કહ્યું અને ૭.૬0%એ હા કહી.
- વ્યસન કઈ રીતે ભવિષ્યને અસર કરે છે? ૨૩.30% એ જણાવ્યું કે હકારાત્મક રીતે, ૧0.૨0% રોજગાર મળે છે, ૨0.૬0% મિત્રતા વધે છે. ૧૫.૯0% ભવિષ્ય બગાડે છે અને 30.00% લાગુ પડતું નથી તેવું જણાવ્યું.
- વ્યસનથી આપણી કઈ કુશળતા ઘટી જાય છે? ૭૯.૬0%એ જણાવ્યું કે સામાજિક, અભ્યાસિક, કાર્યને લગતી કુશળતાઓ ઘટે છે અને ૮.૮0% કઈ ઘટાડો જોવા મળતો નથી તથા ૧૧.૮0%એ ઘટતી નથી પણ વધે છે તેવું જણાવ્યું.
- કયા કારણે વ્યસનની લત થાય છે? ૩૭.૭0% ડીપ્રેશન, ૧૭.૪0% પરિવારનો પ્રેમ ન મળવાના કારણે, ૧0.૧0% એકલતા અનુભવીએ ત્યારે, ૪.30% ગેઈમીંગ, ૧.૪0 અભ્યાસ, ૨૧.૭0% મિત્રોના સહકારથી, ૧.૪0% પ્રેમમાં મોહભંગ અને ૫.૮0% એ બ્રેકઅપને વ્યસનની લત માટે જવાબદાર ગણ્યું.
- વ્યસન નિવારણ માટે માતા-પિતા શું કરે તો તમને ગમશે? ૨૬.૫0%એ બાળકો સાથે સંવાદ, ૬.૮0% સજા કરવી, ૨0.૮0% મિત્રો સાથે જતા રોકવા અને ૪૫.૯0% એ જણાવ્યું કે વ્યસન રોકવું પોતાની જાત સિવાય કોઈનું કામ નથી.
- વ્યસન નિવારણ માટે શિક્ષકો શું કરી શકે? ૩૨.૪0% વિદ્યાર્થીઓ સાથે સંવાદ, ૨0.૬0% મિત્રો પાસે બેસવા ન દેવા, ૫.૫0% કડક સજા કરાવી અને ૪૧.૫0% એ જણાવ્યું કે વ્યસન રોકવું પોતાની જાત સિવાય કોઈનું કામ નથી.

**તરુણોમાં વ્યસન (Addiction) ઘટાડવા માટે કેટલાક મહત્ત્વપૂર્ણ ઉપાયો નીચે મુજબ છે**

- શાળા અને કોલેજોમાં વ્યસનના દોષો વિષે પ્રેરણાત્મક વ્યાખ્યાન, ફિલ્મો અને વર્કશોપ દ્વારા સમજ આપવી.
- સાચા આદર્શો અને જીવન મૂલ્યો દ્વારા "ના કહેવાની શક્તિ" વિકસાવવી.
- માતા-પિતાએ સંતાનો સાથે સમય પસાર કરી ખુલ્લો સંવાદ કરવો.
- ઘરમાં પ્રેમાળ વાતાવરણ, વિશ્વાસ અને સમજણ-થી સંબંધો મજબૂત બનાવવાના.
- સંતાનોના મિત્રો, તેમના દૈનિક વલણ પર યોગ્ય નજર રાખવી.
- ખેલકૂદ, યોગ, ધ્યાન, સંગીત, ચિત્રકલા જેવી પ્રવૃત્તિઓમાં જોડાવા પ્રોત્સાહન આપવું.
- સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા ઊર્જાનો સકારાત્મક ઉપયોગ કરવો.
- તાણ, ચિંતા, ડિપ્રેશન જેવી સમસ્યાઓ માટે કાઉન્સેલિંગ કરાવવું.

- જરૂરી હોય તો માનસિક આરોગ્ય નિષ્ણાત (Psychologist/ Psychiatrist)ની સલાહ લેવી.
- નશીલા પદાર્થોનું સરળતાથી મળતું પ્રવેશદ્વાર રોકવું.
- સમાજમાં "ડ્રગ ફ્રી ઝોન" અભિયાન ચલાવવું.
- સરકાર અને NGO દ્વારા ચલાવાતા પુનર્વસન (Rehabilitation) કેન્દ્રોની મદદ લેવી.
- વ્યસન છોડનાર વ્યક્તિઓની સફળતા-કથાઓ સાંભળાવવી.
- આદર્શ વ્યક્તિઓને અનુસરવા પ્રોત્સાહિત કરવું.
- પ્રેમ, સમજણ, શિક્ષણ, પ્રેરણા અને યોગ્ય માર્ગદર્શનથી જ તરુણોમાં વ્યસન ઘટાડવું શક્ય છે.

---

પ્રિન્સિપાલ
નલિની અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજ

---

**જેમ-જેમ ચઢશો વ્યસનની સીડી તેમ-તેમ ઉઠશે સળગી જિંદગી તમારી**
**... સ્વયં થાવ વ્યસન મુક્ત.**
**વ્યસનનું બંધન એટલે મનની સ્વતંત્રતા ગુમાવવી.**

**એકનો નશો છોડાવો, પાંચના જીવન બચાવો. વ્યસનની ના હોય ફેશન.**
**બીડી છે મોતની સીડી. નશાને છોડો, ઘરને જોડો. રમે જુગાર, પીવે દારૂ,.**
**તેના છોકરાં લગાવે ઝાડૂ.  છોડો મોહ વ્યસનનો, મેળવો આનંદ જીવનનો.**

જે માણસ પીવે દારૂ, તેનું જીવન ન રહે સારૂ.
વ્યસનની સોબત જે કરે, સમાજમાં તે અપ્રિય રહે.
ભણતર માટે પળના બગાડો, વ્યસન કરી જીવન ના બગાડો.
ગાંડા હોય તે વ્યસન કરે, ડાહ્યા તેનાથી દૂર રહે.
ફેશન માટે ના કરો વ્યસન.

 ISSN 0976-9609

॥ સમીક્ષા ॥

## ‘ગૃહભંગ’ નંજમ્માના સંઘર્ષની કથા

**મહેન્દ્ર એમ. પરમાર**

[નવલકથા; ગૃહભંગ,એસ.એલ.ભૈરપ્પા, ગુજરાતી અનુ; રાજેન્દ્ર નાણાવટી, પ્રકાશક; નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા પ્રથમ આવૃત્તિ-૨૦૧૩]

શાન્તીસિવરા લિંગનય્યા ભૈરપ્પાનો જન્મ દક્ષિણ ભારતના હસન જિલ્લાના ચેન્નરાય પટન્ના તાલુકાના નાનકડા ગામમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. નાની ઉંમરમાં માતૃપ્રેમ ગુમાવે છે. માતા પ્લેગમાં મૃત્યુ પામે છે. આમ, બચપણથી માતૃપ્રેમથી વંચિત લેખક પિતૃછાયામાં ઉછરે છે. એમની ઉપર બાળપણમાં ગોરુર રામ્માસ્વામી આયંગરનો પ્રભાવ વિશેષ પડેલો છે. ૧૩ વર્ષની નાની વયે આઝાદીની લડતમાં જોડાયા. ચેન્નરાય પટન્નામાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું પછીનું શિક્ષણ મૈસૂરમાં લીધું. આ સમયગાળા દરમ્યાન શિક્ષણ અધૂરું છોડીને એક વર્ષના પ્રવાસે નીકળી પડે છે. ફરી પાછા આવીને અધૂરો અભ્યાસ શરૂ કરે છે. બી.એ, એમ. એ, ફિલોસોફી વિષય સાથે મૈસૂર યુનિવર્સિટીમાં કર્યું. એમ.એ.માં ગોલ્ડ મેડલ મેળવ્યો. પીએચ.ડીની ડિગ્રી એમ.એસ.યુનિવર્સિટી વડોદરામાંથી મેળવી.

વર્તમાન કન્નડ નવલકથામાં સાહિત્યમાં સંક્રાંતિના આ સમયમા ભારતની સમસ્ત સમસ્યાને વિષય વસ્તુરૂપે આલેખતાં સર્જકોમાં ડૉ. શિવરામ કારન્થ પછી એસ.એલ.ભૈરપ્પાનું નામ આવે છે. કન્નડ નવલકથા સાહિત્યમાં નવલકથા વિપુલ પ્રમાણમાં રચાય છે, પણ એસ.એલ.ભૈરપ્પાની જેમ સમાજના તમામ સ્તરોને લઈને ચાલવાવાળા નવલ કથાકારો દષ્ટિગોચર થતાં નથી. પ્રયોગશીલ અને પ્રગતિવાદી વિચારસરણી ધરાવતા લેખક સંક્રાંતિ કાળમાં અનુભવાતા સંકટો, સંઘર્ષો, માનસિક ઉથલપાથલો વગેરેને નવલકથાના વિષય તરીકે આલેખે છે.

ડૉ. એસ. એલ. ભૈરપ્યાની પ્રથમ નવલકથા “ધર્મશ્રી” છે. જેમાં પ્રેમના બંધનમાં બંધાયેલ પાત્ર હિન્દુ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મનો અંગીકાર કરતાં તેના માનસમાં જન્મેલ દ્વન્દ્વનું ચિત્રણ કર્યું છે. ‘વંશવૃક્ષ’ નવલકથા ભૈરપ્યાની પ્રથમ કીર્તિદા કૃતિ છે. સંક્રાંતિ કાળની સમસ્યાઓનો એ જાણે અરીસો છે. સનાતન ધર્મ અને આધુનિકતાનું સમાંતર ચિત્રણ આ નવલકથા-નો આસ્વાદ અંશ છે. ‘બલપાત’ નવલકથા દાંપત્ય જીવનની સમસ્યાને સુંદર ઢંગથી ચિત્રિત કરી આપે છે. તેમની ‘નાથુ નેરલૂ’ (‘કુતે કી છાયા’) જુદા જ પ્રકારની નવલકથા છે. ‘મતદાન’ નવલકથા રાજકીય કથાવસ્તુ પર આધારિત પ્રથમ રચના છે. લેખકે આ કૃતિમાં બતાવ્યું છે કે આજના રાજકારણમાં કેવા કપટો અને નાટકો ચાલે છે એની કલ્પના બુદ્ધિજીવી લોકો કરી પણ ન શકે. માનવપ્રિય ડૉક્ટર રાજકારણમાં પ્રવેશે છે ત્યારે તેને દૂરિતનો અનુભવ થાય છે. તેનું આમાં ચિત્રણ થયેલું છે.

‘ગૃહભંગ’ (૧૯૭૭) નવલકથા જુદા જ વિષયવસ્તુ પર રચાયેલ છે. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ ‘ગૃહભંગ’ નવલકથા નામે રાજેન્દ્ર નાણાવટી દ્વારા ૨૦૧૩માં કરવામાં આવ્યો છે. નવલકથામાં પ્રકરણ, ખંડ પાડવામાં આવે છે તેવી જ રીતે આ નવલકથામાં સોળ અધ્યાય પાડવામાં આવ્યા છે. આ નવલકથા અનુગામી નવલકથાકારો દ્વારા સ્વીકૃત એવા કેટલાંક મૂલ્યો પર પ્રશ્ન કરતી નવલકથા છે. વ્યક્તિના જીવન દરમિયાન સંઘર્ષ માધ્યમ દ્વારા તેની આસપાસનું વાતાવરણ તેમજ અનુકંપા, નિર્દયતા, મૂર્ખતા વગેરે પ્રગટ થાય છે. નવલકથામાં લેખકે વ્યક્તિગત સંઘર્ષને આલેખ્યો છે. ‘ગૃહભંગ’ કોઈ વૈચારિક સમસ્યાથી

બાધ્ય નથી, પણ શુદ્ધ રચના તરીકે વિશેષ મૂલ્ય ધરાવે છે.

'ગૃહભંગ' નવલકથાનું કથાવસ્તુ તિપટુર અને ચણણપટુર તાલુકામાં ૧૯૨૦ થી ૧૯૪૦-૪૫ ના સમયગાળામાં બનેલી ઘટના પર આધારિત છે. 'ગૃહભંગ'ના પ્રથમ અધ્યાયનો આરંભ પટવારી રામણ્ણાના પરિવારના ચિત્રણથી થાય છે. અભણ, અજ્ઞાની અને વર્તમાન સંસ્કૃતિથી દૂર રહેલી વિધવા ગંગમ્માના મુખમાંથી નીકળતો એક એક શબ્દ ગૃહભંગનું મૂળ કારણ બને છે. તેના બંને દીકરા ચેન્નિગરાય અને અપ્પણ્ણય્યા વચ્ચે ગુણમાં ઘણો તફાવત છે. ચેન્નિગરાય આળસુ અને મહાસ્વાર્થી છે. પોતાની પત્ની અને બાળકો પ્રત્યે બિલકુલ પ્રેમ અને મમતા નથી. પત્ની પર અધિકાર ધરાવવાની ઇચ્છા ધરાવતો કાયર માનવી તેની પત્ની નાનાભાઈની પત્નીની જેમ શંકાશીલ હોત તો તેના સ્વભાવમાં જરૂર બદલાવ આવી શક્યો હોત. તેની પત્ની નંજમ્મા સહનશીલ અને શાંત સ્વભાવની છે અને પતિ-પિતા બંને ગૃહની પ્રતિષ્ઠા જાળવી રાખવા પ્રયત્ન કરે છે, છતાં  જીવનમાં દુ:ખ ભોગવું પડે છે. પતિ ચેન્નિગરાય નિરક્ષર, આળસુ અને સાસુ તો જાણે હૃદયહીન પશુ સમાન છે. નંજમ્મા નર્કમય જીવનમાં સર્વાંગી પરિવર્તન લાવવા પ્રયત્નો કરે છે. પરંતુ સંઘર્ષનું પરિણામ શૂન્ય આવે છે. વિવાહિત દીકરી અને વિવેકી દીકરો પ્લેગની બીમારીમાં મૃત્યુ પામે છે, ત્યારે તેને વિચાર આવે છે કે આ દુ:ખોનો અંત તેના મૃત્યુ સાથે જ આવશે. ગંગમ્માના જીવનમાં સંસ્કારના અભાવે કુટુંબ વેરવિખેર થઈ જાય છે અને આ રીતે ગૃહભંગ થતું બતાવ્યું છે.

સમગ્ર નવલકથા લેખકે આલેખાયેલા પાત્રોની આજુબાજુ જ ચાલે છે. ગંગમ્મા, નજમ્મા, ચેન્નિગરાય, મહાદેવીય્યાજી, અપ્પયરણ્ણા જેવા પાત્રોથી નવલકથાને વેગ મળે છે, નવલકથાનું મુખ્ય પાત્ર નંજમ્મા છે. નંજમ્મા નાગલપૂરના પુરોહિત કંઠીજોઈસની દીકરી છે. સ્વભાવમાં શાંત, લાગણીશીલ, ધૈર્યવાન, સહનશીલતા-ની મૂર્તિ, કુનેહ બુદ્ધિવાળી, ભણેલી હોવાથી વગર વિચાર્યું સહેજ પણ પગલું ભરતી નથી. તેનામ રહેલા આ સદ્‌ગુણોને કારણે જ તે કર્કશા સ્વભાવની સાસુ અને ગવાર પતિની સાથે પોતાની જિંદગી જીવી જાય છે. પોતાનો ઘરસંસાર ટકાવી રાખવા તનતોડ મહેનત કરતી રહે છે. કંઠીજોઈસે પોતાની નમાયી ફૂલ જેવી દીકરીને આગના દરિયામાં ફેંકી દીધી છે. જ્યાં ડગલે ને પગલે અંગારાના દાહ સિવાય કશું નસીબમાં આવતું નથી. લગ્નના દોઢ-બે વર્ષ પછી તે તેના સાસરે આવે છે. ત્યારે તેને તેના સાસરાના ઘરની વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ આવે છે. ઘર ખેતીવાડી બધું જ ગીરવે મૂકાઈ ગયું છે. જીવનનિર્વાહનું એક માત્ર સાધન પટવારી કાર્ય છે. ઘરમાં સાસુનો ગુસ્સો હમેશાં સાતમા આસમાને રહેતો હતો, આંખની સામે ઝેર, નાયકનાં ટેરવે ગુસ્સો અને મુખમાં ગાળોની વર્ષાથી તેનું જીવન આ નવા રંગોથી રંગાવા લાગ્યું હતું. તેનો પતિ ચેન્નિગરાય તેની પર હુકમ ચલાવવાની કોશિશ કરતો. "છીનાળ", "રાંડ" જેવા અશ્લીલ શબ્દો વાપરી તેને બોલાવતો હતો. આવા શબ્દો સહન કરતી નંજમ્મા પતિની સામે એક શબ્દ પણ ઉચ્ચારતી નથી, માત્ર સાંભળીને નજર અંદાજ કરતી હતી. ઘરમાં થતાં આવા સંઘર્ષો કેવી રીતે ઓછા થાય તેના સતત પ્રયત્નો નંજમ્મા કરતી રહે છે. પોતાના ઘરના લોકોના વિચિત્ર સ્વભાવની વાત તેને કદી પોતાના પિતાજીને કરી ન હતી. તે પતિના ગુસ્સાને સહન કરતી હતી. પોતાના પતિનું અપમાન પોતાની હાજરીમાં તેના પિતા કરી નાખે તે વાત તેને યોગ્ય લાગતી ન હતી. નંજમ્મા પરણીને સાસરે આવ્યે બે વર્ષ થયા અને આ રીતે જ તે બધા જુલ્મ સહેતી આવી છે. તેને કોઈપણ દિવસ તેની દાદી કે પિતાને આ બાબતે ફરિયાદ કરી નથી, પણ ક્યારેક મનોમન અફસોસ જરૂર થતો કે

 ISSN 0976-9609

તેના પિતાએ કશું જોયા વગર તેને અહીં પરણાવી દીધી છે. પોતાના ભાઈના લગ્નમાં તે પિયર આવે છે, લગ્નની તૈયારીના બે દિવસ પહેલા નંજમ્મા બીમાર પડી જાય છે, પતિ ચેન્નિગરાયને પોતાની પાસે રહેવાનું કહે છે, પણ તે તૈયાર થતો નથી. લગ્નજીવનના બે વર્ષમા તે પોતાના પતિના સ્વભાવથી ઘણી પરિચિત થઈ ગયેલ હોવાથી તેને દુઃખ લાગતું નથી અને તે આ ઉપરાંત તે પોતાના પિયર આવે તે પણ તેની ભાભીને ગમતું નથી. તેની ભાભી તેને કટાક્ષ ભર્યા શબ્દોમાં સંભળાવે છે, સુવરની જેમ ઝટઝટ ગર્ભવતી બનવા માત્રથી ચાલે કે? ઘણીના ઘરવાળા સુવાવડ ના કરી શકતા હોય તો સુવાવડ જ શું કામ દેવી? (પૃ.૬૬). નંજમ્મા કવેણ સાંભળી લઈને ખૂબ જ દુઃખી થઈ જાય છે. તે વિચારે છે કે સાસુનો ત્રાસ સાસરીમાં અને પિયરમાં પણ ભાભી મહેણાં-ટોણાં મારીને દુઃખી કરે છે. તેને સાસરીમાં કે પિયરમાં બન્નેમાંથી એક બાજુની શાંતિ ન હતી. નંજમ્માને હંમેશાં તેના પિયર અને સાસરીની ચિંતા સતત રહેતી હોય છે કોઈપણ ભોગે પોતાના ઘરની વાત બીજા લોકો સુધી ના જાય તેનો તે હમેશા પ્રયત્ન કરતી હોય. તેની ભાભીના મુખે સાંભળેલા કડવા શબ્દો તે ઘરની બહાર ના જાય એ રીતે તે સમજાવે છે, ભાભી, થોડું ધીમેથી ન બોલી શકાય? આપણાં ઘરની વાત બીજા જાણી જાય તે એ પીઠ પાછળ તાળી દે ને? (પૃ.૬૭). નજમ્મા ઘણી સમજદાર હતી અને તે જાણતી હતી કે કજિયાનું મોં કાળું હોય છે. ઘરની વાત બહાર જાય ને આબરૂ નિલામ થાય તે જુદી. આથી બધાના સ્વભાવને સહીને અનુકૂળ થઈ તે રહે છે.

નંજમ્માનું ઘર મંડાતાં ચેન્નિગરાય પોતાની મા ને છોડીને તેની સાથે રહેવા આવી જાય છે. નંજમ્માએ મહેનતુ સ્ત્રી હોવાથી પોતાના તૂટતાં સંસારને તે બચાવી લે છે. બાળકોને લઈને જુદી રહેવા ચાલી જાય છે. ચેન્નિગરાયનો સાથ સહકાર ન હોવા છતાં જાત મહેનતે પોતાના ઘરને વસાવે છે. પોતાના પિયરની પણ તે આશા રાખતી નથી કે પોતાની આ સ્થિતિની તે જાણ સુદ્ધા પણ કરતી નથી. ગામના લોકો તેની હિંમતને દાદ આપે છે. દુઃખમાં માત્ર દાદીને યાદ કરતી હોય છે. સવારની ચિંતા તેં મન તોળાતી જ કે બાળકો ઉઠશે શું ખવડાવીશ, તેને શું જવાબ આપીશ. ઘરની આર્થિક પરિસ્થિતિનો વિચાર તેના મંનમાં સતત ફર્યા કરે છે. સાસુ ગંગમ્મા અને પતિ ચેન્નિગરાયને પોતાની ઘર પ્રત્યેની જવાબદારી કે જમીન માટે કોઈપણ પ્રકારની ચિંતા નથી. આવા કપરા સમયગાળા દરમ્યાન ગામમાં શિવગોંડે અને વકીલ દ્વારા ગંગમ્મા અને ચેન્નિગરાય તલાટી હોવા છતાં આ બંને જાણ ના થાય એવી રીતે તેઓ બધી જમીન ગીરો લખાણ કરી લે છે. નંજમ્મા પોતાના ભાઈ અને પિતાની આગવી સૂઝ-સમજણ થકી જમીન પાછી મેળવવા માટેનો રસ્તો શોધતી રહે છે. પરંતુ ગંગમ્મા તેની કોઈ પણ વાતમાં આવવા તૈયાર થતી નથી, ઉપરથી બધો જ દોષ તે નંજમ્માને આપતા કહે છે, તે જ્યારથી ઘરમાં પગ મૂક્યો ત્યારથી ઘર બરબાદ થતું ચાલ્યું છે. બધી જમીન હાથમાંથી નીકળી ગઈ. હવે ગામમાં તું અને તારા છોકરા અલગ રહેજો. અમે બધા ઘરમાં રહીશું (પૃ.૯૬). આવા કપરા સમયમાં ચેન્નિગરાય પતિ તરીકેની ફરજ નિભાવવાને બદલે તેની માં ગંગમ્મા જોડે રહે છે. નંજમ્મા પોતાનું નહીં પણ સમગ્ર પરિવારનું વિચારવાનું હતું એ પણ તેના નસીબમાં ફળતું નથી અને તેના જીવનમાં સંઘર્ષ આગળ વધતો રહે છે. પોતાના સંઘર્ષમય જીવનથી તે હતાશ થઈ ગઈ છે, ચાલતા ચાલતા તેને વિચાર આવે છે કે તેના બંને બાળકો રામણ્ણા અને પાર્વતીને તે કૂવામાં ફેકી દેવાનું નક્કી કરે છે અને સાથે પોતે ગર્ભમાં રહેલા ત્રીજા બાળક સાથે મરી જવાનું નક્કી કરે છે પણ તે મનથી ખૂબ જ મક્કમ છે આવા સગર્ભવસ્થાના સમય દરમિયાન આવા કુવિચાર ના

કરાય તેવો ખ્યાલ તેના મનમાં આવે છે.

ચેન્નિગરાયને તેના બાળકોના અને પત્ની નંજમ્મા પ્રત્યે લાગણી જેવુ કશું રહેતું જ નથી. દુષ્કાળના સમયગાળા દરમ્યાન ઘરમાં કોઈપણ પ્રકારનું અનાજ નથી. આ સમયગાળા દરમ્યાન નંજમ્મા ગામના લોકો પાસેથી અનાજ માંગી લાવીને પાર્વતી અને રામણ્ણા ભોજન બનાવી આપે છે. દુષ્કાળની આ કપરી પરિસ્થિતિમાં નંજમ્મા હાર માનતી નથી, એક કઠોર નારી તરીકેના દર્શન તેના વ્યક્તિત્વમાં થાય છે. પટવારીનું કાર્ય ચેન્નિગરાયને ફાળે હોય છે, પરંતુ તેનો હિસાબ-ખિતાબ નંજમ્મા દ્વારા કરવામાં આવે છે. નંજમ્મા તેની કુશળ બુદ્ધિ દ્વારા વર્ષાસન માટે મળતી રકમ અગાઉથી લઈ લે છે જેના કારણે તેના પરિવારનું તે ગુજરાન ચલાવી શકે.

પડ્યા પર પાટુ દુષ્કાળનો સમયગાળો પૂરો થતો નથી અને એવામાં ગામમાં પ્લેગ ફાટી નીકળે છે. ગામના લોકો આને માતાજીનો પ્રકોપ માને છે. પરંતુ નંજમ્મા ગામ લોકોની આ અંધશ્રદ્ધામાં માનતી નથી અને પોતાના બંને સંતાનોને ડૉક્ટર પાસેથી દવા કરાવે છે. દીકરી પાર્વતીની ઉંમર હવે લગ્ન કરાવવા જેટલી થઈ ગઈ હતી તે ચિંતા તેને સતત મનમાં થઈ રહી હતી. દીકરીની સગાઈનું કામ તે ગામમાં આવેલા માસ્તરને સોંપે છે, ચેન્નિગરાય દીકરીના પિતા હોવા છતાં તેમણે કોઈપણ પ્રકારની પોતાના સંતાનો પ્રત્યે હમદર્દી નથી. દીકરીની સગાઈ નક્કી કરી દેવામાં આવે છે. પોતાની પાસે દીકરીના લગ્ન માટે પૂરતા પૈસા ન હોવા છતાં તેના વર્ષાસનમાંથી બચાવેલ પૈસા અને ગામ લોકો દ્વારા કરવામાં આવેલી મદદથી પોતાના કુશળ મન અને ગામ લોકોના સાથ-સહકારથી દીકરીના લગ્ન કરી આપે છે.

બધુ શાંતિથી જીવનમાં ચાલવા લાગે છે. થોડા સમય પછી નંજમ્માની દીકરી પાર્વતી પહેલી વખત પોતાના પિયરમાં આવે છે અને બે દિવસ પછી અચાનક બીમાર થઈ જાય છે. શરૂઆતના સમયમાં નંજમ્મા સમજ પડતી નથી. પરતું સમય જતાં તેને ખબર પડે છે પાર્વતીને પ્લેગ થયો છે. પાર્વતીની સાથે સાથે રામણ્ણા પણ પ્લેગની ઝપટમાં આવી જાય છે. નંજમ્મા આ કપરી પરિસ્થિતિમાં પણ હિંમત હારતી નથી, ઘરના લોકો જોડેથી તેને મદદની આશા હવે છોડી દીધી હતી પરંતુ ગામના મહાદેવય્યાજી સાથે સારા સંબંધો હોવાના કારણે એમની મદદથી દીકરા અને દીકરીને દવા કરાવે છે. પરંતુ આ વખતે કુદરત પણ તેની સાથે નથી. પોતાના બનતા બધા જ પ્રયત્નો તે કરે છે પણ બંનેમાંથી એક પણને તે બચાવી શકતી નથી. પાર્વતી અને રામણ્ણાના અવસાનથી તે જીવતે જીવ મરી જાય છે. વિશ્વ પણ પ્લેગની ઝપટમાં આવી જાય છે, પરંતુ મહાદેવય્યાજી તેને ગામની બહાર આવેલા મંદિરમાં મૂકી આવે છે. પોતાના બંને સંતાનો ગુમાવનાર નંજમ્મા હવે વિચારમાં છે કે તેનું ત્રીજું સંતાન વિશ્વ પણ હવે નહિ રહે, પરંતુ વિશ્વ બચી જાય છે ત્યારે તે વિચારે છે કે જે થયું તે કુદરતનો નિયમ હશે. બંને બાળકોના અવસાન પછી મૃત્યુના ભયથી ડરીને આંખોની સામેથી દૂર કરવાની ઇચ્છા ન હોવા છતાં તે વિશ્વને પોતાના ભાઈને ત્યાં ભણવા માટે મોકલી દે છે. વિશ્વ પોતાની માથી દૂર ન જવા માટે ઘણી કાકલૂદી કરે છે, પણ નંજમ્મા માનવા તૈયાર નથી. કલેશની પત્નીના કર્કશા સ્વભાવને કારણે તેનું મન ખચકાટ અનુભવતું હતું. વિશ્વના ગયા પછી નંજમ્મા સાવ એકલી પડી જાય છે. એકલી પડતાં અનેક વિચારોમાં તે ખોવાઈ જાય છે, પોતાના ઘરને છોડીને આ ઘરમાં રહેવા આવી તેને ૧૩ વર્ષ વીતી ગયા હતા. આ ઘર સાથે કેટલાય સંભારણાં જોડાયેલા છે. આ ઘરમાં રામણ્ણાની સ્મૃતિ તેને વધુ વ્યથિત કરી મૂકે છે. આ ઘર પરથી તેનું મન હવે ઊઠી


ISSN 0976-9609

જાય છે. તેને પોતાનું પણ ઘર હોવું જોઈએ એવું લાગે છે.

મકાન માટે અણ્ણેનહલ્લી ગામમાં જાય છે. ત્યાંથી તેને પ્લેગનો ચેપ લાગે છે. તાવ અને ફોડલાં પડવાથી તેને તરત જ શંકા જાય છે. મહાદેવય્યાજી શંકા જતાં સાચું ન કહેતા દવા કરવાનું કહે છે. નંજમ્મા સમગ્ર જીવન દરમ્યાન દુઃખો વેઠીને થાકી નથી, પરંતુ તેના જીવન સાક્ષીઓ તેની સ્થિતિ જોઈને થાકી ગયા છે. જીવનની સામે તો લડી પણ હવે તે મૃત્યુ સામે લડી રહી છે. ગયા વર્ષે પ્લેગમાં પહેલા તેના બાળકોનો ભોગ લેવાયેલ. આ વખતે પ્લેગનો પહેલો ભોગ નંજમ્મા બને છે. પોતાના છેલ્લા સંતાન વિશ્વને જોવાની ઇચ્છા થવા છતાં પ્લેગની મહામારીને કારણે દીકરાને બોલાવવાની ના પાડી દે છે. મૃત્યુની અંતિમ ક્ષણે તે પોતાની ઇચ્છા પૂરી કરી શકતી નથી.

સમગ્ર નવલકથા નંજમ્માના જીવનચરિત્રની આસપાસ ગૂંથાયેલ છે, જન્મી ત્યારથી તે મૃત્યુ પર્યંત દુઃખના ડુંગર અને જીવનમાં આવતા સતત સંઘર્ષના તળે દબાયેલી અને કચડાયેલી જ રહી છે.

**સંદર્ભ :** ભૈરપ્પા,એસ.એલ., ગૃહભંગ નવલકથા, ગુજરાતી અનુવાદ નાણાવટી, રાજેન્દ્ર, પ્રકાશક; નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા, ઈન્ડિયા પ્રથમ આવૃત્તિ ૨૦૧૩

---

રિસર્ચ ફેલો,
અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦,
Emil;mahindra22.parmar@gmail.com.
(મો) ૭૬૯૮૯૬૮૯૭૦

---

જીવનમાં કોઈક કોઈક વાર અંધારું પણ જરૂરી છે. ખબર તો પડે કે આપણી જોડે સાચા હીરા કયા છે. નહીંતર તડકામાં કાચના ટુકડા પણ હીરાની જેમ ચમકે છે.

આ દુનિયા ફક્ત એ લોકોના જ સંઘર્ષને જાણે છે, જેઓ સફળ થાય છે.. ...
સંઘર્ષમાં એકલતા હતી, મળી સફળતા, પડયો જમાનો પાછળ, નીકળી ગયો, ... ...
એક સફર જિંદગી છે સુંદર માણતા શીખો દૂરી છે

સંઘર્ષ જેટલો વધુ હશે, જીત પણ એટલી જ વધારે જોરદાર હશે હોં સાહેબ...

સફળતાની ઊંચાઈ પર હો ત્યારે ધીરજ રાખો,
કારણ કે પક્ષીઓએ સાબિત કર્યું છે કે આકાશમાં બેસવાની જગ્યા નથી હોતી!

## ।। વિદ્યાવૃત્ત ।।

**આઈસ્ટાર કોલેજના ઓર્ગેનિક કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા ઔદ્યોગિક એકમની મુલાકાત :**

ચારુતર વિદ્યામંડળની સંસ્થા આઈસ્ટાર કોલેજ, સીવીએમ યુનિવર્સિટીના ઓર્ગેનિક કેમેસ્ટ્રી પ્રોગ્રામ દ્વારા ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, મોગર સ્થિત ચોકલેટ પ્લાન્ટ અને નંદેસરી સ્થિત અલીધારા ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ ખાતે ઔદ્યોગિક એકમની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ફૂડ પ્રોસેસિંગ, મટીરિયલ પેકેજિંગ ડેવલપમેન્ટ, ફાર્માસ્યુટિકલ્સ એકમમાં ક્વોલિટી કન્ટ્રોલ અને ક્વોલિટી એશ્યોરન્સ, આરએનડી યુનિટ તેમજ પ્રોડક્શનના વિભાગોની કાર્યપદ્ધતિ વિષે માર્ગદર્શન મેળવ્યું હતું. આ ઇન્ડસ્ટ્રિયલ વિઝિટના આયોજન માટે પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. નીરજ પટેલ તેમજ અધ્યાપકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. રાજ અને કોલેજ સંયોજક ડૉ.જીગર પટેલ દ્વારા બંને એકમોના સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો તથા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને સાંકળી લેતી આ પ્રકારની ઔદ્યોગિક એકમોની મુલાકાતોનું આયોજન થાય તેવું સૂચન કર્યું હતું.

**ઈન્દુકાકા ઈપ્કોવાલા કોલેજ ઓફ ફાર્મસી, ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ** શિક્ષક દિવસની ઉજવણી સાંસ્કૃતિક ક્લબના કન્વિનર શ્રીમતી પલક કે. વ્યાસના નેજા હેઠળ ઉલ્લાસપૂર્વક યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ભાષણો, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષકગણ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં શિક્ષકોની વિદ્યાર્થીઓના ભવિષ્ય નિર્માણમાં તથા શૈક્ષણિક ઉત્કૃષ્ટતા વિકસાવવામાં અમૂલ્ય ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેમાં ૮૨ વિદ્યાર્થીઓ અને ૧૦ શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં ૧લું સ્થાન ધ્રુશાલી સોલંકી (સેમેસ્ટર-૫) બીજું સ્થાન પ્રણાલી ઠાકર અને ક્રિષ્ના પટેલ (સેમેસ્ટર-૫) ત્રીજું અયાન ઘોડાસરાએ પ્રાપ્ત કર્યું હતું. (સેમેસ્ટર-૭) શિક્ષકગણે વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરી હતી, જેના કારણે આ ઉજવણી યાદગાર અને આનંદમય બની.

**જી.જે. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ અને એસ.જી.પટેલ આયુર્વેદ હૉસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર :**

(૧) તા. ૧૬/૧૭-૯-૨૦૨૫ ના રોજ એકસીબિશન કમ મિનિ એક્સ્પો ઓફ મેડિસિનલ પ્લાન્ટ, પ્રકૃતિ પરીક્ષણ એકસીબિશન કમ મિનિ એક્સ્પોમાં ૩૮૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

(૨) તા. ૧૮-૯-૨૦૨૫ ના રોજ હેલ્થ ચકાસણી અને ફ્રી મેડિસીન વિતરણમાં ૩૦ વિદ્યાર્થીઓની આંખ અને કાનની ચકાસણી કરવામાં આવી હતી.

(૩) તા. ૨૦-૯-૨૦૨૫ ના રોજ ડૉ. રિદ્ધિ કે. ઠક્કર અને ડૉ. રૂહી કોટડિયાના નેતૃત્વ હેઠળ ગેસ્ટ લેક્ચર-આમલકી-આયુર્વેદિક રસાયણમાં ૮૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડૉ. સૌમ્યા, ડૉ. સુમેશ પાઈ દ્વારા મેડિકલ કેમ્પ અને જાગૃતતા કેમ્પ, પટેલ સમાજ વાડી, ગાના ગામ ખાતે યોજાયેલ, જેનો ૧૮ દર્દીઓએ લાભ લીધો હતો.

**નટુભાઈ વી. પટેલ કૉલેજ ઑફ પ્યૉર ઍન્ડ એપ્લાઈડ સાયન્સિઝ :**

(૧) તા. ૩-૯-૨૦૨૫ ના રોજ કોમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા 'એ.આઈ.નું ભવિષ્ય' વિષય પર નિષ્ણાત વકતવ્યનું સ્થાનિક લેવલે આયોજન કરવામાં આવ્યું હતું. ડી.ડી.યુનિ. નડિયાદમાં કાર્યરત એન્જિનિયરિંગ વિષયના પ્રોફેસર ડૉ. બ્રિજેશ ભટ્ટે પોતાના વક્તવ્યમાં વર્તમાન સમયમાં રોજિંદા જીવનમાં તથા વ્યાવસાયિક તેમજ શૈક્ષણિક


ISSN 0976-9609

અને સંશોધન ક્ષેત્રે એ.આઈ.ની ઉપયોગિતા વિદ્યાર્થીઓએ જણાવી હતી. જેમાં ૧૨૨ વિદ્યાર્થીઓ અને ૫ અધ્યાપકોએ ભાગ લીધો હતો.

(૨) તા. ૪-૯-૨૦૨૫ ના રોજ કોલેજના કૉમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા ફ્લટર વિષય પર નિષ્ણાત વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. અનુપમ મિશન, મોગરી સંચાલિત ઈન્ફર્મેશન ટેક્નોલોજી સેન્ટરના ફ્લટર ડેવલપર ભૌમિક રાઠોડ તથા કોર્સ કો-ઓર્ડિનેટર ચૈતાલી શાહે ફ્લટરના મૂળભૂત સિદ્ધાંતો, વિજેટ સિસ્ટમ અને ડાર્ટ પ્રોગ્રામિંગ ભાષા પર વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા.

(૩) કેમિકલ સાયન્સ વિભાગ દ્વારા તા.૧૬-૯-૨૦૨૫ ના રોજ સ્થાનિક લેવલે "શિક્ષણથી કમાણી સુધીની યાત્રા" વિષય પર ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલ સનફાર્મા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, વડોદરામાં મેનેજર તરીકે કાર્યરત શ્રી કુશલ શાહ દ્વારા વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ.ભાવિન પટેલે ભૂતપૂર્વ વિદ્યાર્થીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું અને વિભાગ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી. આ કાર્યક્રમમાં ૪૦ વિદ્યાર્થીઓ અને ૪ અધ્યાપકો-એ ભાગ લધો હતો.

**સીવીએમ. નર્સિંગ કૉલેજ :**

શૈક્ષણિક વર્ષ-૨૦૨૫માં આયોજિત પોસ્ટર સ્પર્ધામાં શ્રીમતી શિવાની સોલંકીએ જયારે રાષ્ટ્રીય સ્તરની રીલ બનાવવાની સ્પર્ધામાં શ્રીમતી ઝલક પટેલે ભાગ લીધો હતો.

**જીસેટ કોલેજ દ્વારા હિન્દી દિવસની ઉજવણી :**

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની સંસ્થા જીસેટ કોલેજના લિટરેચર ક્લબ દ્વારા ૧૨ સપ્ટેમ્બર-૨૦૨૫ ના રોજ લિટરેચર ક્લબ ફેકલ્ટી કો-ઓડિનેટર ડૉ.અમિતા પટેલના માર્ગદર્શન હેઠળ હિન્દી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય વિષય પ્રસિધ્ધ સાહિત્યકાર પ્રેમચંદનો વાર્તાસંગ્રહ 'માનસરોવર' હતો. આ પ્રસંગે જીસેટના આસિસ્ટન્ટ પ્રોફેસર સમીર ત્રપાસિયાએ પ્રેમચંદની વાર્તાઓમાં રહેલ નૈતિકતા, માનવીય મૂલ્યો અને માનવીય સંઘર્ષ પર પ્રકાશ પાડ્યો. જ્યારે ડૉ. સુભાષ યુનિવર્સિટી જુનાગઢના એસોસિએટ પ્રોફેસરે તેમના ઓનલાઈન વકતવ્યમાં 'માનસરોવર'ની અવિનાશી પ્રાસંગિકતા અને હિન્દી સાહિત્યના ઘડતરમાં પ્રેમચંદના યોગદાન વિષે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમને અંતે સાહિત્ય આધારિત પ્રશ્નોત્તરી અને કવીઝ થકી આ ઉજવણી વધુ જીવંત બની હતી.



## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશન થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિક ઉપરાંત સંચય સ્વરૂપ (digest)) માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂર છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેંન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગુજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલીખર્ચ ન મોકલવું લેખ/કૃતિ અંગે કોઇ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિ.

૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર IFSC Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપૂરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઇ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસણીને મોકલવી.

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ' ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમના સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.


### ડૉ. ઉર્વીશ છાયા

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ.પ્રોફેસર, (અધ્યક્ષ માઈક્રોબાયોલોજી એન્ડ ફૂડ ટેકનોલોજી વિભાગ)**

**એન.વી.પટેલ સાયન્સ કૉલેજ** (N.V.P.A.S.), **વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com.


**લવાજમ**

| | |
|---|---|
| **વાર્ષિક** | : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |



ISSN 0976-9609

# ''સીવીએમ યુનિવર્સિટીની એ.ડી.આઈ.ટી. કોલેજ ખાતે 'વર્લ્ડ ફૂડ ડે' ની ઉજવણી''










**Issued by:** Press and Media cell, ADIT

સીવીએમ યુનિવર્સિટીની ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી એન્જિનિયરિંગ કૉલેજ ખાતે તારીખ ૧૪ અને ૧૫ ઓક્ટોબર દરમ્યાન ''હેન્ડ ઇન હેન્ડ ફોર બેટર ફૂડ એન્ડ બેટર ફ્યુચર'' થીમ પર વર્લ્ડ ફૂડ ડે ની ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને મુખ્ય વક્તા તરીકે પ્રિયંકા દેસાઈ ભાટીયા (હેડ, બિઝનેસ ડેવલપમેન્ટ, ગ્લોબલ ગોરમેટ પ્રાઈવેટ લિમિટેડ, વડોદરા) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સેફટી એન્ડ ઇનોવેશન ઈન ફૂડ ફ્રીઝિંગ પર વિશેષ પ્રવચન આપ્યું હતું.

ઈવેન્ટ કોર્ડિનેટર્સ ડૉ. પ્રવિણ ગનોરકર અને ડૉ. ક્ષિતિજ કુમાર ના જણાવ્યા મુજબ, લગભગ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું અને ચાર જેટલી ઈવેન્ટસ નું પણ આયોજન થયું હતું. જેમાં ઇન્ડસ્ટ્રી એક્સપર્ટ ટોક, પોસ્ટર કોમ્પિટિશન, ન્યુ પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને ફૂડ ટ્રેઝર હન્ટ નો સમાવેશ થાય છે.

એસોસિએશન ઓફ ફૂડ સાઇન્ટીસ્ટ એન્ડ ટેકનોલોજીસ્ટ ઇન્ડિયા વી વી નગર ચેપ્ટર, તથા એસએસઆઈપી એડીઆઇટી સેલ આ ઈવેન્ટના સ્પોન્સરર રહ્યા હતા.

પ્રો. (ડૉ.) ઇન્દ્રજિત પટેલ, પ્રોવોસ્ટ, સીવીએમ યુનિવર્સિટી, આ ફંકશનમાં પ્રેસિડન્ટ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આવા પ્રોગ્રામમાં વધારે ને વધારે વિદ્યાર્થીઓ જોડાય તેવું આહવાન કર્યું હતું.


એડીઆઇટી કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘ, તથા સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલે કાર્યક્રમના આયોજન બદલ કોર્ડિનેટર તથા સમગ્ર એડીઆઇટી કૉલેજ ટીમને શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા હતા.

BOOK POST
November 2025

V-Vidyanagar 27 (11)
Published on 07/11/2025
No. of Pages 36 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. GUJGUJ/2001/05433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## વ્રજ – પુષ્પી સરદારને..!



તણખાઈ તારી આંખની
કોઈ આંખમાં દીઠી નહિ!
સખ્તાઈ તારા દિમાગની
કોઈ વ્રજમાં નિરખી નહિ!
કુમાશ તારા દિલની
કોઈ પુષ્પમાં પરખી નહિ!
સરદાર! લોહી સિંચીને
રુડો રચ્યો આ બાગ તેં
કર્યો દેશને અખંડ એવો
એ સાંકળ કદી તૂટે નહિ!!

– આર. પી. પટેલ

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )